
" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર
# સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 262 | AD - 2026, Jeth Sud -14 | Sunday, Dt. 28-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વૈશ્વિક વેપાર જગતમાં ખળભળાટ મચાવ્યો

# અમેરિકાની કંપની પર ડિજિટલ ટેક્સ નાખનાર દેશ પર ૧૦૦% ટેરીફ : ટ્રમ્પ

નવી દિલ્હી,તા.૨૭

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વૈશ્વિક વેપાર જગતમાં એક નવો ખળભળાટ મચાવતાં સ્પષ્ટ ચેતવણી આપી છે કે જે પણ દેશ અમેરિકન ટેકનોલોજી કંપનીઓની ડિજિટલ સેવાઓ પર કોઈ પણ પ્રકારનો ટેક્સ લાદશે, તેણે અમેરિકામાં થતી પોતાની નિકાસ પર ૧૦૦ ટકા જેટલા ભારે ટેરિફનો સામનો કરવો પડશે. વોશિંગ્ટનથી જાહેર થયેલા આ આકરા વલણમાં ટ્રમ્પે માત્ર ટેરિફ લાદવાની જ વાત નથી કરી, પરંતુ આવા દેશો સાથે અગાઉ થયેલા તમામ વેપાર કરારોને પણ તાત્કાલિક અસરથી રદ કરવાની ધમકી આપી છે. ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઘણા યુરોપિયન દેશો મેટા, આલ્ફાબેટ (ગુગલ) અને એમેઝોન જેવી અગ્રણી અમેરિકન ડિજિટલ કંપનીઓ પર નવો ડિજિટલ સર્વિસ ટેક્સ લાદવાની ગંભીરતાથી તૈયારી કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતાં ટ્રમ્પે ટાંક્યું હતું કે વૈશ્વિક સ્તરે અમેરિકન કંપનીઓને નિશાન બનાવતા આવા કોઈ પણ ટેક્સના જવાબમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં આયાત થતા તમામ માલસામાન પર તાત્કાલિક ધોરણે આકરી જકાત ઝીંકવામાં આવશે. આ નવી દરખાસ્ત ભૂતકાળમાં સંમત થયેલા તમામ દ્વિપક્ષીય વેપાર નિયમો કે કરારોને પણ બાયપાસ કરીને લાગુ કરી દેવાશે.આ વિવાદનું મુખ્ય કારણ એ છે કે યુરોપિયન યુનિયનના દેશો લાંબા સમયથી એવી દલીલ કરી રહ્યા છે કે આ બહુરાષ્ટ્રીય કંપનીઓ જે દેશોના સ્થાનિક બજારમાંથી જંગી કમાણી કરે છે, ત્યાં તેમણે વાજબી



ટેક્સ ચૂકવવો જ જોઈએ. વર્તમાન આંતરરાષ્ટ્રીય કર વ્યવસ્થા ડિજિટલ અર્થતંત્રની આધુનિક જરૂરિયાતો સાથે સુસંગત ન હોવાથી તેમાં સુધારા જરૂરી બન્યા છે. તેની સામે અમેરિકન વહીવટીતંત્રનું માનવું છે કે આ પ્રકારના ડિજિટલ સર્વિસ ટેક્સ ખાસ કરીને અમેરિકાની સફળ તકનીકી કંપનીઓને જ પક્ષપાતી રીતે નુકસાન પહોંચાડવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ તણાવ તાજેતરમાં વધુ ઉગ્ર બન્યો છે કારણ કે યુરોપિયન યુનિયનની મંજૂરી બાદ આયાત ટેરિફ ૧૫ ટકા સુધી મર્યાદિત રાખવાનો કરાર થયો હતો, પરંતુ તેમાં ડિજિટલ ટેક્સની કોઈ સ્પષ્ટતા નહોતી. ફ્રાન્સે અગાઉ ૨૦૧૯ માં તેની સરહદોમાં મેળવેલી આવક પર ૩ ટકા ટેક્સ લાદ્યો હતો, જેના વળતા પ્રહાર રૂપે ટ્રમ્પે ફ્રેન્ચ વાઈન અને શેમ્પેન પર ૧૦૦ ટકા ટેરિફ લગાવવાની પણ ખુલ્લી ધમકી આપી ચૂકી છે, જેના જવાબમાં યુરોપિયન કમિશને પણ પોતાની નિયામક સ્વતંત્રતાના બચાવ માટે મજબૂત પ્રતિક્રિયા આપવાની જાહેરાત કરી છે.વૈશ્વિક સ્તરે સર્જાયેલા આ આર્થિક યુધ્ધની સરખામણીએ ભારતે અત્યંત સમયસૂચક અને વ્યૂહાત્મક પગલું ભરીને અમેરિકા સાથેના વેપાર સંબંધોને સુરક્ષિત રાખ્યા છે. ભારતે અગાઉ વિદેશી ડિજિટલ કંપનીઓની ઓનલાઈન જાહેરાતની આવક પર લાદવામાં આવેલી ૬ ટકાની સમાનતા લેવી એટલે કે પ્રચલિત ભાષામાં જેને 'ગુગલ ટેક્સ' કહેવામાં આવતો હતો, તેના બંને ઘટકોને સંપૂર્ણપણે નાબૂદ કરી દીધા છે. નાણાકીય કાયદાઓ અને બિલમાં તબક્કાવાર સુધારા કરીને ભારતે બિન-નિવાસી ઈ-કોમર્સ ઓપરેટરો પરનો ૨ ટકા ટેક્સ અને ત્યારબાદ ડિજિટલ જાહેરાતો પરનો કર સંપૂર્ણપણે હટાવી લીધો છે. ભારતના આ નરમ અને સહયોગી વલણથી સ્થાનિક નિકાસકારોને ટ્રમ્પ પ્રશાસનની આવી આકરી ટેરિફ નીતિઓનો ભોગ બનવું નહીં પડે, જ્યારે બીજી તરફ અમેરિકા અને યુરોપ વચ્ચે આગામી સમયમાં આ મુદ્દે ટ્રેડ વોર વધુ વ્યાપક બને તેવી પૂરેપૂરી શક્યતાઓ દેખાઈ રહી છે.

# મહારાષ્ટ્રમાં આજે લેવાનાર 'ટેટ' પરીક્ષા અચાનક મોકૂફ રાખવાના કર્યો નિર્ણય

મુંબઈ,તા.૨૭

મહારાષ્ટ્રમાં ૨૮ જૂને જે ટેટની મોટી પરીક્ષા લેવાની હતી તે અચાનક જ બંધ રાખવાનો નિર્ણય સરકારે કર્યો છે કારણ કે એવી વાતો વહેતી થઈ તી કે પેપર પરીક્ષા પહેલા જ બહાર આવી ગયું છે. આ વાત વાયુ વેગે ફેલાઈ ગઈ અને શિક્ષણ વિભાગમાં દોડધામ મચી ગઈ તી એટલે એ લોકોએ પરીક્ષા છેલ્લી ઘડીએ કેન્સલ કરી નાખી છે. વાત એવી મળી છે કે ઠાણે બાજુથી




આ પેપર લીક થવાની શંકા પેદા થઈ તી અને ત્યાંથી જ કોઈકે બધું ગરબડ કર્યું છે એવું કહેવાય છે. હવે આના લીધે લાખો છોકરાઓ જે રાત દી એક કરીને વાંચતા હતા એમની આખી મહેનત પાણીમાં ગઈ છે અને છોકરાઓ બહુ જ ગુસ્સામાં છે કારણ કે ઘણા લોકો તો બસ ટ્રેન પકડીને પરીક્ષા આપવા સેન્ટર પર પહોંચી પણ ગયા હતા. સરકારે કીધું છે કે અમે આની મોટી તપાસ કરાવીશું અને જે પણ દોષિત હશે એને પકડી પાડીશું પણ વિદ્યાર્થીઓ તો હવે નવી તારીખની રાહ જોઈ રહ્યા છે કે ક્યારે પાછી પરીક્ષા લેવાશે.આ આખા મામલે રાજકારણ પણ ગરમાયું છે.




# ઝારખંડ-મધ્યપ્રદેશમાં વાવાઝોડા અને વીજળી પડવાથી ૧૬ના મોત

જયપુર,તા.૨૭

દેશના ઘણા વિસ્તારોમાં અત્યારે અજીબ વાતાવરણ જોવા મળી રહ્યું છે એક તરફ વરસાદ પડી રહ્યો છે તો બીજી તરફ ભયંકર ગરમી પણ પડી રહી છે ઉત્તરાખંડ ઉત્તર પ્રદેશ રાજસ્થાન પંજાબ હિમાચલ પ્રદેશ અને હરિયાણા જેવા ૬ રાજ્યોના ઘણા ભાગોમાં પ્રી-મોન્સુન વરસાદ ચાલુ છે પણ આ રાજ્યોમાં ગરમી પણ બહુ પડે છે ઉત્તર પ્રદેશ રાજસ્થાન અને હરિયાણામાં તો તાપમાન 42°C થી પણ વધુ નોંધાયું છે જેના કારણે લોકો પરેશાન થઈ ગયા છે



વરસાદની સાથે સાથે દેશમાં મોટી હોનારતો પણ થઈ રહી છે મધ્ય પ્રદેશના બાલાઘાટમાં શુક્રવારે વીજળી પડવાને કારણે ૪ લોકોના મોત થઈ ગયા છે અને બીજા આઠ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે આ સિવાય દેવાસમાં વાવાઝોડું અને વરસાદ આવ્યો એના કારણે એક મકાનની બાલ્કનીનો ભાગ તૂટી પડ્યો અને આ મોટી દુર્ઘટનામાં ૨ મહિલાઓના મોત નીપજ્યા છે. ઝારખંડમાં પણ આકાશી વીજળી પડવાથી ૧૦ લોકોના જીવ ગયા છે અને છત્તીસગઢમાં બે લોકોના મોત થયા છે આવી ઘટનાઓથી ચિંતા વધી ગઈ છે ઉત્તરાખંડના ચમોલીમાં મોડી રાત્રે બહુ જ ભારે વરસાદ પડ્યો અને એના પછી ત્યાં વાદળ ફાટવા જેવી મોટી ઘટના બની ગઈ જેના કારણે શાળા ૮ મોટી ગાડીઓ એમ્બ્યુલન્સ અને ઘણા મકાનોમાં કાદવ અને કાટમાળ ઘૂસી ગયો છે નુકસાન બહુ મોટું થયું છે અત્યાર સુધીમાં મોન્સુને દેશના ૨૨ રાજ્યોને પોતાના આકરા પ્રકોપ અને આવરણમાં લઈ લીધા છે અને એવું કહેવાય છે કે ૫ જુલાઈ સુધીમાં બાકીના બધા રાજ્યોને પણ મોન્સુન આવરી લેશે યુપીમાં મોન્સુન આ વખતે ૮ દિવસ મોડો ચાલી રહ્યો છે.


# રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી વર્ષની શરૂઆતમાં ભારત આવે તેવી સંભાવના

નવી દિલ્હી,તા.૨૭

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વર્ષ ૨૦૨૭ની શરૂઆતમાં ભારતની મુલાકાતે આવી શકે છે. ન્યૂઝ એજન્સી IANSના અહેવાલ મુજબ હૈદરાબાદમાં મીડિયા સાથે વાતચીત દરમિયાન અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ આ સંકેત આપ્યો હતો. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને ભારતની વિકાસયાત્રાની પ્રશંસા કરતા જણાવ્યું કે અમેરિકા



મોદી અને તેમના કાર્યનો મોટો પ્રશંસક છે. ટ્રમ્પની આ બીજી ભારત મુલાકાત હશે. આ પહેલા તેઓ વર્ષ ૨૦૨૦માં અમદાવાદ આવ્યા હતા, જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. બીજી તરફ ટ્રમ્પે હૈદરાબાદમાં યુએસ કોન્સ્યુલેટ નજીકના માર્ગને 'ડોનાલ્ડ ટ્રમ્પ એવન્યુ' નામ આપવામાં આવતા ભારતનો આભાર વ્યક્ત કર્યો છે. તેમણે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરીને જણાવ્યું કે આ રીતે સન્માનિત થનાર તેઓ પ્રથમ અમેરિકી રાષ્ટ્રપતિ છે અને તેના માટે ભારતનો દિલથી આભાર માન્યો છે.






# જાફરાબાદના પીપળી કાંઠા વિસ્તારમાં અવારનવાર વીજ પુરવઠો ખોરવાતા સ્થાનિકો ભારે પરેશાન

જાફરાબાદ,તા.૨૭

અમરેલી જિલ્લાના જાફરાબાદના પીપળી કાંઠા (સામા કાંઠા) વિસ્તારમાં લાંબા સમયથી રાત્રિ દરમિયાન વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ જતાં સ્થાનિક રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. હાલ ઉનાળાની અસહ્ય ગરમી વચ્ચે વારંવાર વીજળી ગુલ થવાના કારણે ઘરમાં એકલા રહેતા નાના બાળકો, બીમાર વ્યક્તિઓ અને વૃધ્ધો મુશ્કેલીમાં મુકાયા છે. આ કાંઠાળ વિસ્તાર રેવન્યુ લાઈનને અડીને આવેલો હોવાથી રાત્રે અંધારામાં સિંહ અને દીપડા જેવા વન્યજીવોના હુમલાનું જોખમ પણ વધી ગયું છે.સ્થાનિક નાયબ ઈજનેરને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ કાયમી નિરાકરણ ન આવતા, આખરે સમસ્ત જાફરાબાદ ખારવા સમાજના પ્રમુખ ધર્મેશકુમાર બારૈયાએ PGVCLના સાવરકુંડલા વિભાગીય કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરી છે. ખારવા સમાજની આગામી લગ્નની સીઝનને ધ્યાને રાખીને આ ગંભીર સમસ્યાનું તાકીદે યોગ્ય નિવારણ લાવવા માટે ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ, ધારાસભ્ય સહિત ઉચ્ચ વીજ અધિકારીઓને પણ રજૂઆત કરવામાં આવી છે.

# ચતુરીમાં બાળકના મોત બાદ વન વિભાગની મોટી કાર્યવાહી, કુલ આઠ સિંહ પાંજરે પૂરાયા

અમરેલી,તા.૨૭

ખાંભા તાલુકાના ચતુરી ગામમાં પાંચ વર્ષના બાળક જિયાન પર સિંહના હુમલામાં મોત નીપજ્યા બાદ વન વિભાગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. ઘટનાને લઈને સમગ્ર રાજ્યમાં ભારે રોષ જોવા મળ્યો હતો. મુખ્યમંત્રીએ મામલાને ગંભીરતાથી લઈ વનપ્રધાન અર્જુન મોઢવાડિયાને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. ત્યારબાદ અર્જુન મોઢવાડિયાએ ચતુરી ગામની મુલાકાત લઈ મૃતક બાળકના પરિવારને સાંત્વના આપી હતી તેમજ વન વિભાગના અધિકારીઓ સાથે બેઠક કરીને



જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. બાળકના મોતની રાતથી જ ખાંભા તુલસીશ્યામ રેન્જ અને જસાધાર રેન્જની ટીમો ગામ અને આસપાસના વિસ્તારમાં સતત રેસ્ક્યૂ ઓપરેશન ચલાવતી હતી. શરૂઆતમાં પાંચ સિંહને પાંજરે પૂરવામાં આવ્યા હતા. ત્યારબાદ મોડી રાત્રે વધુ ત્રણ સિંહને સફળતાપૂર્વક પાંજરે પૂરાતા કુલ આઠ સિંહ કબ્જે લેવામાં આવ્યા છે.

# લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ તરીકે આનંદ ધાનાણીની વરણી

લીલીયા,તા.૨૭

લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ તરીકે આનંદ ધાનાણીની વરણી કરવામાં આવી છે. આ નિમણૂક ૨૬ જૂનના રોજ થઈ હતી. અગાઉ, આ પદ પર જીગ્નેશ સાવજ કાર્યરત હતા, પરંતુ લીલીયા જિલ્લા પંચાયતની ટિકિટ મળ્યા બાદ તેઓ વિજયી બનતા આ પદ ખાલી પડ્યું હતું. ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનને



વધુ મજબૂત અને ગતિશીલ બનાવવાના હેતુથી આ નિમણૂક કરવામાં આવી છે.તેમની વરણીથી સમગ્ર પંથકના કાર્યકરો અને આગેવાનોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# ધારીમાં પ્રતિમાઓને ફુલહાર કરી મિશન બ્રોડગેજ માટે કરાયો શંખનાદ

અમરેલી,તા.૨૭

ધારી શહેરમાં ધારી પત્રકાર સંઘ દ્વારા મિશન બ્રોડગેજ અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. શહેરમાં આવેલા વિવિધ મહાનુભાવોની પ્રતિમાઓની સ્વચ્છતા કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રતિમાઓને ફૂલહાર અર્પણ કરવામાં આવ્યા અને શંખનાદ કરી બ્રોડગેજ રેલવેની માંગને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો, સામાજિક આગેવાનો, યુવાનો તેમજ વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉત્સાહભેર



જોડાયા હતા. ઉપસ્થિત લોકોએ ધારી, ચલાલા અને વિસાવદર વિસ્તારને બ્રોડગેજ રેલવે સાથે જોડવાની માંગને સમર્થન આપ્યું હતું. આ અભિયાનનો મુખ્ય હેતુ વિસ્તારના વિકાસને નવી દિશા આપવાનો, પરિવહન સુવિધામાં વધારો કરવાનો તેમજ વેપાર, રોજગાર અને પ્રવાસનને ગતિ આપવાનો છે.

# ધારીના સરસિયા ગામે મકાન બાબતના ઝઘડામાં જાનથી મારવાની ધમકી

ધારી, તા. ૨૭

ધારીના સરસિયા ગામે મકાન બાબતના ઝઘડામાં જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે નરેશભાઈ હસમુખભાઈ ચારોલા (ઉ.વ.૧૯) એ નિકુંજભાઈ વલાભાઈ ચારોલા, જોશનાબેન નિકુંજભાઈ ચારોલા, સુરેશભાઈ ધીરુભાઈ આગરોલિયા, બોડાભાઈ ધીરુભાઈ આગરોલિયા, ભાવનાબેન સુરેશભાઈ આગરોલિયા, ધુડીબેન બોડાભાઈ આગરોલિયા તથા કિરણબેન કેવલભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમને તથા સુરેશભાઈ આગરોલિયા વચ્ચે અગાઉ મકાન બાબતે ઝઘડો ચાલતો હતો. જે વાતનું મનદુઃખ રાખી આરોપીઓ તેમના ઘરમાં ગેરકાયદે ઘૂસી આવ્યા હતા અને તેમને પકડી મૂઢમાર માર્યો હતો તેમજ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# કોમી એકતાના માહોલમાં વડિયામાં મોહરમની ઉજવણી

વડીયા,તા.૨૭

વડિયામાં મુસ્લિમ સમાજ દ્વારા પવિત્ર મોહરમ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. હઝરત ઈમામ હુસેનની શહાદતની યાદમાં વિવિધ કમિટીઓ દ્વારા થર્મોકોલ અને અન્ય સામગ્રીમાંથી કલાત્મક તાજીયા તેમજ મકબરા તૈયાર કરાયા હતા, જે લોકોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. હજરસા પીરની દરગાહથી શરૂ થયેલું તાજીયાનું ભવ્ય



જુલૂસ જ્યારે વડિયાની મુખ્ય બજારમાંથી પસાર થયું, ત્યારે હિન્દુ ધર્મના લોકો પણ તેમાં શ્રધ્ધાપૂર્વક જોડાયા હતા. ગાંધી ચોક સ્થિત રામજી મંદિર પાસે સ્થાનિક હિન્દુ યુવાનોએ જુલૂસમાં સામેલ લોકો માટે આઈસ્ક્રીમનું વિતરણ કરીને હિન્દુ-મુસ્લિમ એકતાનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સમગ્ર તહેવાર શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે વડિયા પોલીસે ચુસ્ત બંદોબસ્ત જાળવ્યો હતો.

# રાજુલાના આગરીયા ગામેથી મહુવાના દયાળ ગામનો યુવક સગીરાને ભગાડી ગયો

રાજુલા, તા.૨૭

**સગીરાના પિતાએ યુવક સામે રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી**

રાજુલાના આગરીયા ગામે રહેતી એક સગીરાને ભાવનગરના મહુવા તાલુકાના દયાળ ગામનો યુવક ભગાડી ગયો હતો. આ અંગે સગીરાના માતાએ દયાળ ગામના ધર્મેશભાઈ દાનાભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી તેમની સગીર દીકરીને લગ્ન કરવાના ઈરાદે લલચાવી, ફોસલાવી, ભોળવી બદકામ કરવાના ઈરાદે તેમના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.એમ. કોલાદરા વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટામાં મોહરમ પર્વની ભવ્ય ઉજવણી કરાઈ

લીલીયા,તા.૨૭

લીલીયા મોટા ખાતે હઝરત ઈમામ હુસૈન અને કરબલાના શહીદોની યાદમાં પવિત્ર મોહરમ પર્વની પરંપરાગત અને ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. લીલીયા સુન્ની મુસ્લિમ જમાત તેમજ તખત ગ્રુપ દ્વારા ભારે જહેમત ઉઠાવીને આકર્ષક અને કલાત્મક તાજિયાનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જેને નિહાળવા માટે શહેરના મુખ્ય બજારોમાં લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી. દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ‘સબર ગ્રુપ’



દ્વારા સતત ૧૦ દિવસ સુધી ન્યાઝ, ઠંડા પીણાં અને નાસ્તાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ધાર્મિક ઉત્સવમાં લીલીયા મોટામાં કોમી એકતા અને અખંડિતતાના અદ્‌ભુત દર્શન થયા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, તાલુકા પંચાયત પ્રમુખ જગદીશભાઈ દેથલીયા, વિજય શેખલિયા, ભીખાભાઈ ધોરાજીયા સહિત ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સ્થાનિક નેતાઓએ ખાસ ઉપસ્થિત રહીને તાજિયાના દર્શન કર્યા હતા.

# લીલીયાના બવાડી અને હાથીગઢ ગામે શાળા પ્રવેશોત્સવની ઉજવણી

લીલીયા,તા.૨૭

લીલીયા મોટા તાલુકાના બવાડી અને હાથીગઢ ગામ ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો, જેમાં ગ્રામજનો, શિક્ષકો, વાલીઓ અને મોટી સંખ્યામાં બાળકો ઉત્સાહભેર



જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે આંગણવાડી અને ધોરણ-૧માં પ્રવેશ મેળવનારા બાળકોને કુમકુમ તિલક કરી અને મોં મીઠું કરાવીને શાળામાં આવકારવામાં આવ્યા હતા. સાથે જ તમામ બાળકોને શૈક્ષણિક કીટ તેમજ રમકડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે મહેશભાઈ કસવાલાએ દીકરીઓના શિક્ષણના મહત્વ પર ભાર મુકતા જણાવ્યું હતું કે એક દીકરી ભણે ત્યારે આખો પરિવાર અને સમાજ શિક્ષિત બને છે. તેમણે વાલીઓને બાળકોને નિયમિત શાળાએ મોકલવા અપીલ કરી હતી.

# રાજુલાના કોવાયામાં યુવકને ફાડી ખાનારા ૪ સિંહોને આજીવન કેદ

અમરેલી,તા.૨૭

રાજુલા તાલુકાના કોવાયા ગામ નજીક યુવક પર જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતારનાર ચાર સિંહોને આજીવન જૂનાગઢના સક્કરબાગ ઝૂમાં રાખવાનો નિર્ણય વન વિભાગે કર્યો છે. વન વિભાગ દ્વારા લેવામાં આવેલા સેમ્પલના લેબોરેટરી રિપોર્ટમાં ચારેય સિંહોએ માનવ ભક્ષણ કર્યું



હોવાની સત્તાવાર પુષ્ટિ થઈ છે. થોડા દિવસો પહેલા ઉત્તરાખંડના પ્રકાશચંદ્ર નામના યુવક પર રાત્રિના સમયે સિંહોના ટોળાએ હુમલો કર્યો હતો. હુમલામાં યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત થયું હતું અને સિંહોએ તેના મૃતદેહને ફાડી ખાધો હતો. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખી વન વિભાગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. રાજુલા રેન્જની ટીમે વિસ્તારમાં લોકેશન ટ્રેસ કરી બે પાઠડા અને બે પુખ્ત સિંહ સહિત કુલ ચાર સિંહોને પાંજરે પૂર્યા હતા. લેબોરેટરી તપાસમાં તેમની સંડોવણી સામે આવતા ચારેય સિંહોને હવે કાયમી રીતે સક્કરબાગ ઝૂમાં રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.










### સાર્વત્રિક વરસાદ ન વરસવાના સંજોગોમાં મગફળી,કપાસના વાવેતરને મોટી અસર થાય તેવી સંભાવના

# ભીમ અગીયારસ કોરી, અમરેલી જિલ્લાના ખેડૂતો વરસાદને લઈ ચિંતામાં

અમરેલી,તા.૨૭

દેશમાં મોડા પહોંચ્યા બાદ અધવચ્ચે સ્થગીત થઈને નૈઋત્ય ચોમાસુ ફરી સક્રિય થઈ ગયું હોવા છતાં ગુજરાતમાં ભીમ અગિયારસ કોરી જતાં ખેડૂતોની ચિંતા વધવા લાગી છે. આવતા સપ્તાહમાં વરસાદ ન પડે તો કૃષિ ક્ષેત્રમાં બદલાવની ભીતિ વ્યક્ત થવા લાગી છે.મુંબઈમાં ધમાકેદાર એન્ટ્રી કર્યા બાદ ઝડપથી આગળ ધપી રહેલા ચોમાસાએ બે દિવસ પૂર્વે દક્ષિણ ગુજરાતમાં એન્ટ્રી કરી લીધી હતી. જેને પગલે કિસાનોથી માંડીને સરકાર સુધી તમામ વર્ગે હાશકારો અનુભવ્યો હતો અને સાર્વત્રિક વરસાદની આશા બંધાઈ હતી.નૈઋત્ય ચોમાસાનો સુરત સુધી પ્રવેશ થઈ ગયો હોવા છતાં બે દિવસ દરમિયાન રાજ્યના અન્ય ભાગોમાં આગળ વધ્યું નથી કે સાર્વત્રિક વરસાદ પણ થયો નથી. પરિણામે ફરી વખત ચિંતાનો માહોલ સર્જાયો છે. અમરેલી જિલ્લામાં મેઘરાજા મન મુકીને વરસતા ન હોવાથી ધરતીપુત્રોના ચહેરા પર ચિંતાની લકીરો જોવા મળી રહી છે. કૃષિ ક્ષેત્રમાં ભીમ અગીયારસને અત્યંત શુભ અને શુકનવંતી માનવામાં આવે છે. ભીમ અગીયારસે વાવણી કરી લેવાનો આશાવાદ હોય છે પરંતુ ગઈકાલે મેઘરાજાએ મહેર કરી નહતી. પવિત્ર દિવસ કોરો જ ગયાનું ચિત્ર ઉપસ્યું હતું. સારા



વરસાદના આશાવાદે આગોતરા વાવેતર કરી નાખનારા કિસાનોમાં પણ હવે ચિંતાના વાદળો સર્જાવા લાગ્યા છે.કૃષિ ક્ષેત્રના જાણકારોએ જણાવ્યું હતું કે હવે આવતા સપ્તાહ સુધીમાં વરસાદ ન થાય તો કૃષિ ચિત્ર બદલાઈ શકે છે. સામાન્ય રીતે ૩૦ જુન સુધીમાં વરસાદ થઈ જાય તો ખેડૂતો મગફળીના પાકનું વાવેતર કરી લેતા હોય છે.આ વખતે કદાચ ૫ જુલાઈ સુધીમાં વરસાદ થાય તો પણ જોખમ લેશે. પરંતુ ત્યાં સુધીમાં સાર્વત્રિક વરસાદ ન વરસવાના સંજોગોમાં મગફળીના વાવેતરને મોટી અસર થઈ શકે છે.

૯૦ દિવસમાં પાકતી મગફળીનું વાવેતર થઈ શકે એટલે મગફળીની જુદી-જુદી જાતના વાવેતરમાં ફેરફાર શક્ય છે. કપાસ, જુવાર, બાજરી, કઠોળ જેવી ચીજોના વાવેતરના ગણિત બદલાઈ શકે છે.અમરેલી જિલ્લાને લાગે વળગે છે ત્યાં સુધી ખરિફ સિઝનનો મુખ્ય પાક મગફળી અને કપાસ છે. અલનીનોને કારણે ચોમાસુ નબળુ રહેવાની અને સરેરાશ કરતાં ૯૦ ટકા વરસાદ જ થવાની આગાહી હવામાન ખાતાએ અગાઉ જ કરી દીધી હતી પરંતુ તેના આગમન અને વરસાદમાં પણ વિલંબ થવાને કારણે ખેડૂતોમાં ચિંતા સતત વધવા લાગી છે.કૃષિ નિષ્ણાંતોના કહેવા પ્રમાણે માસાંત સુધીમાં વરસાદ થઈ જવાના સંજોગોમાં મગફળીના વાવેતરને કોઈ ખાસ અસર નહીં થાય પરંતુ ત્યાર પછી એક-એક દિવસનો વિલંબ કૃષિક્ષેત્ર માટે મુશ્કેલી ઉભી કરનારો બનવા લાગશે અને વાવેતરના ગણિત બગડવા લાગશે. હાલ તૂર્તમાં તો મેઘમહેર ક્યારે થાય છે તેના પર મીટ માંડવામાં આવી રહી છે.

## રાજુલાની કુમાર શાળા-૧ ખાતે પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવાયો

રાજુલા,તા.૨૭

રાજુલા શહેરની કુમાર શાળા નં. ૧ ખાતે 'પ્રગતિનો પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મુખ્ય અતિથિ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનો અને આગેવાનોનું પુસ્તક અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.



તસવીર : ગોપાલ રાઠોડ

આ દરમિયાન હીરાભાઈ સોલંકીએ શાળાની ભૌતિક સુવિધાઓમાં વધારો કરવા માટે મધ્યાહન ભોજન શેડ, પાણીની વ્યવસ્થા, સ્ટોરેજ સહિતની જરૂરી સુવિધાઓ માટે રૂ. ૫ લાખની સહાય તથા જરૂરિયાત મુજબ વધારાનો ખર્ચ કરવાની જાહેરાત કરી હતી. નવા પ્રવેશ મેળવનાર બાળકોનું શૈક્ષણિક કિટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. એસએમસી અધ્યક્ષ રણછોડભાઈ મકવાણાએ બાલવાટિકાના તમામ બાળકોને સ્કૂલબેગ અને પ્રમાણપત્રો અર્પણ કર્યા હતા. કાર્યક્રમમાં બાલવાટિકાના ૩૩ બાળકોનું વિશેષ સ્વાગત કરવામાં આવ્યું હતુ.

## લાઠીના ભુરખિયા ગામે ધાર્મિક વિધિના બહાને ૩૦ હજારની ઠગાઈ, બે આરોપી ઝબ્બે

લાઠી, તા. ૨૭

લાઠીના ભુરખિયા ગામે ધાર્મિક વિધિના બહાને ખેડૂત સાથે રૂા. ૩૦ હજારની ઠગાઈ કરવામાં આવી હતી. બનાવ સંદર્ભે મગનભાઈ નારાયણભાઈ કોટડિયા (ઉ.વ.૫૯)એ બે અજાણ્યા માણસો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓએ તેમના તથા સાહેદના ઘરે આવી રામાપીરની વિધિ કરવાના બહાને રોકડા રૂા. ૨૦,૦૦૦ તથા સોનાની વીંટી માંગી, તેમને વિશ્વાસમાં લઈ છેતરપિંડી આચરી હતી અને કુલ રૂપિયા ૩૦,૦૦૦ની મતાની ઠગાઈ કરી ભાગી છૂટ્યા હતા. આ અંગે લાઠી પોલીસ



સ્ટેશનમાં ફરીયાદ નોંધાતા પોલીસ સ્થાનિક સોર્સનો ઉપયોગ કરી તાત્કાલિક દિપકનાથ શંભુનાથ ધાંધુ અને રોહીતનાથ ભગવાનનાથ ધાંધુ બંને રહે. જસદણવાળાને ઝડપી પાડી તેમની પાસેથી રોકડા રૂા.૨૦૦૦૦, સોનાની વીંટી સહિત રૂા.૭૫૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## જૂની-નવી માંડરડી ઝાપોદર ગામે શાળા પ્રવેશોત્સવ ઉત્સાહભેર ઉજવાયો

અમરેલી,તા.૨૭

જૂની-નવી માંડરડી ઝાપોદર ગામે શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ મધુબેનના પ્રતિનિધિ હિંમતભાઈ બલદાણીયા, માર્કેટયાર્ડ રાજુલાના ડાયરેક્ટર રમેશભાઈ વસોયા, સરપંચ એસોસિએશનના પ્રમુખ મનુભાઈ ધાખડા, ઝાપોદરના



સરપંચ વીરાભાઈ, માજી સરપંચ દેવતભાઈ તેમજ આગેવાન દિલીપદાદા સહિત મોટી સંખ્યામાં બહેનો અને ગ્રામજનો હાજર રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે બાળકોને શાળામાં પ્રવેશ અપાવી પ્રોત્સાહનરૂપે ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### રણછોડદાસ હોસ્પિટલ રાજકોટ અને વિદ્યા ભારતી ટ્રસ્ટ ચિતલના સંયુક્ત ઉપક્રમે ૮૫ દર્દીઓની આંખોની તપાસ

## જીથુડીમાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો, ૨૨ દર્દીઓના મોતિયાના ઓપરેશન કરાયા

અમરેલી,તા.૨૭

જીથુડી ગામની સરસ્વતી વિદ્યા મંદિર ખાતે રણછોડદાસ હોસ્પિટલ રાજકોટ અને વિદ્યા ભારતી ટ્રસ્ટ ચિતલના સંયુક્ત ઉપક્રમે ૧૩૦મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. બાબુભાઈ શંભુભાઈ રામાણીના પરિવારના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં મનુભાઈ રામાણી અને રમેશભાઈ રામાણી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય બટુક હનુમાન મંદિરના મહંત અને લોકસાહિત્યકાર કૌશિકભાઈ દવેના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય જયંતીભાઈ દેસાઈ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સુરેશભાઈ પાથર, તાલુકા પંચાયતના પૂર્વ ચેરમેન



જે.બી. દેસાઈ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. કેમ્પ દરમિયાન કુલ ૮૫ દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૨૨ દર્દીઓને રાજકોટ સ્થિત રણછોડદાસ હોસ્પિટલ ખાતે મોતિયાના ઓપરેશન માટે લઈ જવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યા ભારતી ટ્રસ્ટના પ્રમુખ ઈતેશભાઈ મહેતાએ કર્યું હતું.કેમ્પને સફળ બનાવવા દિનેશભાઈ મેસીયાના માર્ગદર્શન હેઠળ કાર્યકર્તાઓએ અને સ્થાનિક આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

## સાવરકુંડલાની કાણકિયા કોલેજમાં 'માનસશાસ્ત્ર અને હકારાત્મક અભિગમ' પર વિશેષ ગોષ્ઠિનું આયોજન

સાવરકુંડલા,તા.૨૭

સાવરકુંડલામાં વી. ડી. કાણકિયા આર્ટસ એન્ડ એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ વિદ્યાર્થીઓ માટે 'માનસશાસ્ત્ર અને હકારાત્મક અભિગમ' વિષય પર ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે મૂળ સૌરાષ્ટ્રનાં અને છેલ્લા ૩૩ વર્ષથી



અમેરિકામાં સફળ સાઈકોલોજિસ્ટ તરીકે સેવા આપતા ડો. રશ્મિબા જાડેજા ચૌહાણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જીવનને સ્પર્શતા અનેક મહત્વના પાસાઓ પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો. જેમાં મુખ્યત્વે પોતાના કાર્ય પ્રત્યે સંપૂર્ણ પ્રતિબધ્ધતા રાખવી અને જીવનના ઉતાર-ચઢાવનો હસતા મુખે સ્વીકાર કરવો. મોબાઈલ ફોનના વધતા જતા ઉપયોગ પર યોગ્ય દેખરેખ અને નિયંત્રણ રાખવું. અભ્યાસ અને રોજિંદા જીવનમાં પ્રોપર શેડ્યુલિંગ (ટાઈમ ટેબલ)નું મહત્વ સમજાવ્યું હતું.

## લીલીયાના આંસોદર પ્રાથમિક શાળામાં ત્રિવિધ મહોત્સવની ઉજવણી

લીલીયા,તા.૨૭

લીલીયાના આંસોદર પ્રાથમિક શાળા અને વાવડીયા કે.વી. વિદ્યામંદિરના સંયુક્ત ઉપક્રમે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ મહોત્સવની ઉમળકાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે લાઠીના તાલુકા વિકાસ અધિકારી એસ.એમ. ઝાલા અને બી.આર. સી. ભવનના યજ્ઞેશભાઈ પારેખ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત દેવભાષાના પ્રચાર-પ્રસાર માટે ગુજરાત રાજ્ય



સંસ્કૃત બોર્ડના આર્થિક સહયોગથી તૈયાર કરાયેલા વિશેષ 'સંસ્કૃત કક્ષ'નું ઉદ્ઘાટન કરાયું હતું. આ સાથે જ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ અને પ્રાયોગિક જ્ઞાન વધે તે માટે સાત લાખના ખર્ચે નવનિર્મિત 'સાયન્સ લેબ' ખુલ્લી મૂકવામાં આવી હતી. મહાનુભાવોના હસ્તે આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ ૧ તેમજ ૯ના નૂતન વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપી પ્રવેશ કરાવાયો હતો.

**રાજકોટમાં પ્લોટ જોઈએ છે**
રાજકોટ આસપાસના ગામના સર્વે નંબરમાં કાલાવડ રોડ, વડવાજડી, વિરડાવાજડી, હરીપર, ઈશ્વરીયા, વાગુદળ, અમરેલી, મોટાવડા, દેવગામ, છાપરા તેમજ મોરબી રોડ, હડાળા, રતનપર, કાગદડી, ખોરાણા, જાળીયા, તેમજ ફુવાડવા રોડ, નાગલપર, પિપડીયા ગામના સર્વેમાં વેચવા સંપર્ક કરો.
• કિર્તીભાઈ કંસારા •
Mo. 98251 60974 • 70467 10111

## ધારીમાંથી યુવક સગીરાને ભગાડી ગયો

ધારી, તા.૨૭

ધારીના વેકરિયાપરામાંથી એક યુવક સગીરાને ભગાડી ગયો હતો. સગીરાના પિતાએ જાહેર કર્યા મુજબ, વિક્રમ નામનો યુવક તેમની સગીર પુત્રીને લલચાવી-ફોસલાવીને લગ્ન કરવાના કે બદકામ કરવાના ઈરાદે ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડીને લઈ ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના પી.આઈ. કે. બી. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.









# અમરેલીમાં શાળા આરોગ્ય અને રસીકરણ અભિયાન યોજાયું

અમરેલી, તા. ૨૭



અમરેલીની સરકારી તેમજ ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) અંતર્ગત ટીટેનસ અને ડિપ્થેરિયા (Td) રસીકરણ તેમજ બાળકોની આરોગ્ય તપાસનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર. એમ. જોષી, આર.સી.એચ.ઓ. ડૉ. સિંઘ અને ટી.એચ.ઓ. ડૉ. સતાણીના માર્ગદર્શન હેઠળ રસીકરણ અભિયાન યોજાયું હતું. ભોજલપરા પ્રાથમિક શાળા ખાતે મામલતદાર દવે, નગરપાલિકા સદસ્ય કોમલબેન રામાણી અને પરીતાબેનની પ્રેરક ઉપસ્થિતિમાં ધોરણ ૫ અને ૧૦ ના વિદ્યાર્થીઓને ધનુર તથા ડિપ્થેરિયા સામે રક્ષણ આપતી રસી આપવામાં આવી હતી.

# બાબરાની ઈશ્વરીયા પ્રા. શાળા ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી

બાબરા,તા.૨૬



બાબરા તાલુકાની ઈશ્વરીયા પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ અંતર્ગત ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની હાજરીમાં બાલવાટિકા તેમજ ધોરણ-૧માં પ્રવેશ મેળવનાર નાનાં બાળકોનું તિલક કરી, મીઠાઈ આપી અને શુભેચ્છાઓ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. જનકભાઈ તળાવીયા એ વિદ્યાર્થીઓને શિક્ષણના નવા પ્રવાસ માટે શુભેચ્છા પાઠવી હતી. તેમણે જણાવ્યું કે શિક્ષણ ઉજ્જવળ ભવિષ્યનો મજબૂત પાયો છે. બાળકોનો ઉત્સાહ અને વાલીઓનો વિશ્વાસ શિક્ષણ પ્રત્યે સમાજમાં વધતી જાગૃતિ દર્શાવે છે. કાર્યક્રમ દરમિયાન સરકારની વિવિધ શૈક્ષણિક યોજનાઓ, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અંગે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્યો, સ્થાનિક આગેવાનો, ગ્રામજનો, શિક્ષકો, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કાગવદર ગામ પાસે સબ સ્ટેશન સામે અકસ્માતમાં એકનું મોત

રાજુલા, તા. ૨૭

રાજુલાના કાગવદર ગામ પાસે સબ સ્ટેશન સામે થયેલા અકસ્માતમાં એક પ્રૌઢનું મોત નીપજ્યું હતું. રાજુલાના ખેતાગાળામાં રહેતા દિલાભાઈ કલ્યાણભાઈ સોલંકી (ઉ.વ. ૫૫)એ જાહેર કર્યા મુજબ, મરણજનાર રામભાઈ દિલાભાઈ સોલંકી તથા સાહેદ કરણભાઈ હકાભાઈ સોલંકી બંને મોટરસાયકલ લઈને ઉનાથી રાજુલા તરફ જતા હતા. તે દરમિયાન રામભાઈએ પોતાના હવાલાવાળી મોટરસાયકલ પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી નેશનલ હાઈવે રોડ ઉપર પસાર થતી ગાય સાથે ભટકાવી હતી. આ ગંભીર અકસ્માતમાં ગાયનું પણ ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે મોટરસાયકલ સવાર સાહેદ કરણભાઈને માથાના તેમજ શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માતમાં રામભાઈને છાતીના અને જમણા હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે નાગેશ્રી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. આર. ગળચર વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના પચપચિયા ગામે યુવકને લાકડાના ઘા મારી માર માર્યો

ખાંભા, તા. ૨૭

ખાંભાના પચપચિયા ગામે એક યુવકને લાકડાના બડિયાના ઘા મારી ફટકારવામાં આવ્યો હતો. બનાવ સંદર્ભે ભૂપતભાઈ જોધાભાઈ ડાભી (ઉ.વ. ૩૭)એ ધીરુભાઈ માવજીભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તોહમતદારના કૌટુંબિક ભાઈ બાલુભાઈની દીકરી ગંભીરભાઈ મનુભાઈ ધાપાના સગા ભાઈ સાથે ભાગી ગઈ હતી. દરમિયાન ભૂપતભાઈ પોતે ગંભીરભાઈ મનુભાઈ ધાપા સાથે બેઠા હતા, જે વાતનું મનદુઃખ રાખી આરોપીએ તેમના હાથમાં રહેલા લાકડાના બડિયા વડે ભૂપતભાઈને શરીરે આડેધડ ઘા મારી ઈજા પહોંચાડી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. એમ. ગમારા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૫૬૦ બોટલ ઝડપાઈ

સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા શહેરમાંથી પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની ૫૬૦ બોટલોનો મસમોટો જથ્થો ઝડપી પાડ્યો હતો.

આ જથ્થો ચિરાગભાઈ ગોરધનભાઈ રાઠોડની માલિકીની કારમાંથી મળી આવ્યો હતો. પોલીસે વિદેશી દારૂ અને કાર સહિત કુલ રૂા. ૧,૯૯,૦૪૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આંબરડીમાંથી એક બોટલ દારૂ અને ૭ પીધેલા પકડાયા આ ઉપરાંત, દામનગરના આંબરડી ગામેથી પોલીસે મૂળ પીપળવા (સરકારી) ગામના અને હાલ સુરતમાં રહેતા નરેશભાઈ રાવતભાઈ ડેર (ઉ.વ. ૩૨) નામના યુવકને વિદેશી દારૂની એક બોટલ સાથે ઝડપી લીધો હતો.

જ્યારે અમરેલી જિલ્લામાં અલગ-અલગ સ્થળોએથી પોલીસ પેટ્રોલીંગ દરમિયાન ૭ જેટલા ઈસમો વગર પાસ-પરમિટે કેફીપીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવતા પોલીસે તેમની અટકાયત કરી હતી.

# રાજુલાની હિંડોરણા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

રાજુલા,તા.૨૭



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા તાલુકાના હિંડોરણા ગામની પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અનેક મહાનુભાવો, અધિકારીઓ, ગ્રામજનો અને વાલીઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શૈક્ષણિક, સાંસ્કૃતિક તેમજ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર હોશિયાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત બાલવાટિકાના અંદાજે ૫૦ જેટલા બાળકો તથા ધોરણ-૧માં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આંગણવાડીના બાળકો પણ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. અધિકારીઓએ શાળા મેનેજમેન્ટ કમિટી (SMC) સાથે બેઠક યોજી શાળાના વિકાસ, શિક્ષણની ગુણવત્તા અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ટ્રાઈબલ એજ્યુકેશન ડેવલપમેન્ટના અધિકારી ડૉ. કિશોરભાઈ ધારૈયા, લાયઝન અધિકારી જીગ્નેશભાઈ ઉપાધ્યાય, પટાટ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ખાંભાના ઈંગોરાળા ગામેથી ૧૦, સેંજળ ગામની સીમમાંથી ૭ મળી કુલ ૧૭ શકુની પકડાયા

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં પોલીસે બે અલગ-અલગ સ્થળેથી જુગાર રમતા કુલ ૧૭ શકુનીઓને ઝડપી પાડ્યા હતા. જેમાં ખાંભાના ઈંગોરાળા ગામેથી ૧૦ તથા વંડાના સેંજળ ગામની સીમમાંથી ૭ જુગારીઓ પકડાયા હતા.પ્રથમ દરોડામાં, ખાંભાના ઈંગોરાળા ગામે નાના વિસાવદર તરફ જવાના માર્ગે જુજવાના ધુના પાસે નેવડામાંથી ભાવેશભાઈ કરશનભાઈ સરવૈયા, કિરીટભાઈ ભગવાનભાઈ અખરાટ, અશોકભાઈ પ્રાગજીભાઈ પરમાર, દેવશીભાઈ કડવાભાઈ ડાભી, મહેશભાઈ કાંતિભાઈ પરમાર, બલાભાઈ મનસુખભાઈ વાઘેલા, રોહિતભાઈ અશોકભાઈ પરમાર, ખોડુભાઈ ભીખાભાઈ વાઘેલા, ધીરુભાઈ પરમાર તથા રવિભાઈ અશ્વિનભાઈ પરમાર જાહેરમાં લાઈટના અજવાળે ગંજીપત્તાનાં પાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂા. ૧૨,૦૨૦ સાથે ઝડપાયા હતા. જ્યારે બીજા દરોડામાં, વંડા પોલીસ મથક હેઠળના સેંજળ ગામની સીમમાં ડોણકી નામે ઓળખાતા ડુંગર પાસે પવનચક્કીની લાઈટના અજવાળે જુગાર રમતાં મહેશભાઈ લવજીભાઈ ચુડાસમા, હરેશભાઈ જાદવભાઈ દુદકીયા, હરેશભાઈ સુરેશભાઈ પરમાર, જયંતીભાઈ વિરાભાઈ ચુડાસમા, મથુરભાઈ લાખાભાઈ સોલંકી, અરજણભાઈ પ્રેમજીભાઈ પરમાર સહિતના શખ્સો તીનપત્તીનો જુગાર રમતા રોકડા રૂા. ૧૪,૮૦૦ સાથે ઝડપાયા હતા. પોલીસે બંને સ્થળેથી મળી કુલ રૂપિયા ૨૬,૮૨૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૫૦ | ૧૯૧૨ |
| ઘઉં લોકવન | ૪૬૫ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૮૮ |
| જુવાર સફેદ | ૧૦૪૫ | ૧૧૬૮ |
| જુવાર લાલ | ૧૧૦૦ | ૧૧૪૮ |
| જુવાર પીળી | ૪૪૦ | ૫૩૦ |
| બાજરી | ૩૩૫ | ૪૯૯ |
| મકાઇ | ૩૮૦ | ૪૮૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૯૯ |
| ચણા પીળા | ૧૦૮૦ | ૧૧૭૦ |
| ચણા સફેદ | ૧૧૪૦ | ૧૭૪૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૮૩૨ |
| મગ | ૧૨૪૧ | ૧૭૫૫ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૧૫૬ |
| ચોળી | ૧૦૪૦ | ૧૬૭૦ |
| વટાણા | ૬૫૦ | ૧૦૬૦ |
| કળથી | ૩૫૦ | ૪૯૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૭૫૦ |
| સીંગદાણા | ૧૫૨૦ | ૧૮૦૦ |
| મગફળી જાડી | ૧૧૩૦ | ૧૫૩૪ |
| મગફળી જીણી | ૧૦૬૦ | ૧૫૩૦ |
| અળશી | ૧૮૫૦ | ૧૯૦૦ |
| તલી | ૨૦૦૦ | ૨૫૧૫ |
| સુરજમુખી | ૬૦૦ | ૧૨૦૦ |
| એરંડા | ૧૩૦૦ | ૧૩૮૪ |
| અજમો | ૨૨૦૦ | ૨૬૦૦ |
| સુવા | ૧૧૩૦ | ૧૪૭૫ |
| સોયાબીન | ૧૦૧૫ | ૧૪૦૫ |
| સીંગફાડા | ૧૩૫૧ | ૧૬૭૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૭૦૦ |
| લસણ | ૧૦૭૧ | ૨૫૧૦ |
| ધાણા | ૨૩૫૦ | ૨૮૪૦ |
| ધાણી | ૨૪૦૫ | ૨૯૦૦ |
| વરીયાળી | ૧૪૪૫ | ૧૮૦૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૦૫૫ |
| રાય | ૧૨૫૦ | ૧૭૪૦ |
| મેથી | ૯૫૦ | ૧૬૩૦ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૨૧૦૦ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૪૮૫ |
| રાયડો | ૧૨૨૦ | ૧૪૨૦ |
| રજકાનું બી | ૭૭૦૦ | ૧૦૩૦૦ |
| ગુવારનું બી | ૧૦૪૦ | ૧૧૪૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૧૧ | ૬૨૫ |
| લીંબુ | ૭૧૧ | ૧૪૨૪ |
| બટેટા | ૮૭ | ૨૮૮ |
| ડુંગળી સુકી | ૧૭૫ | ૪૯૧ |
| ટમેટા | ૫૨૬ | ૭૩૬ |
| સુરણ | ૮૩૪ | ૧૦૧૧ |
| કોથમરી | ૬૮૪ | ૧૦૭૭ |
| રીંગણા | ૧૫૪ | ૩૪૨ |
| કોબીજ | ૨૨૩ | ૪૧૯ |
| ફ્લાવર | ૩૨૧ | ૬૮૫ |
| ભીંડો | ૩૮૯ | ૬૭૮ |
| ગુવાર | ૭૧૨ | ૧૪૨૩ |
| ચોળાસીંગ | ૮૨૨ | ૧૪૩૧ |
| ટીંડોળા | ૩૩૯ | ૮૯૭ |
| દુધી | ૨૭૬ | ૪૮૮ |
| કારેલા | ૪૧૮ | ૭૨૨ |
| સરગવો | ૪૫૩ | ૯૭૭ |
| તુરીયા | ૫૦૨ | ૭૧૮ |
| પરવર | ૪૬૩ | ૬૫૧ |
| કાકડી | ૩૧૨ | ૮૨૩ |
| ગાજર | ૩૮૧ | ૫૨૯ |
| વટાણા | ૧૮૦૨ | ૨૩૭૮ |
| ગલકા | ૩૧૧ | ૫૨૪ |
| બીટ | ૨૫૪ | ૪૪૪ |
| મેથી | ૧૦૨૩ | ૧૫૫૫ |
| ડુંગળી લીલી | ૧૧૭૯ | ૧૪૦૨ |
| આદુ | ૨૧૮૯ | ૨૫૬૬ |
| મરચા લીલા | ૮૩૯ | ૧૦૫૬ |
| મકાઇ લીલી | ૨૫૫ | ૪૬૧ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૯૧ | ૧૮૦૬ |
| ઘઉં લોકવન | ૪૫૬ | ૫૬૬ |
| ઘઉં ટુકડા | ૪૪૮ | ૫૮૧ |
| મગફળી જીણી | ૧૧૭૧ | ૧૮૫૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૨૧ |
| સિંગ ફાડીયા | ૧૩૦૧ | ૧૭૦૧ |
| એરંડા / એરંડી | ૧૨૯૧ | ૧૪૦૬ |
| ધાણા | ૧૪૦૧ | ૨૯૪૧ |
| ડુંગળી લાલ | ૧૪૧ | ૫૦૬ |
| અડદ | ૫૦૦ | ૧૮૪૧ |
| તુવેર | ૧૦૫૧ | ૧૫૪૧ |
| રાજગરો | ૯૫૧ | ૯૫૧ |
| રાય | ૧૨૦૧ | ૧૨૦૧ |
| મેથી | ૧૦૧૧ | ૧૩૨૧ |
| કાંગ | ૩૧૧ | ૬૬૧ |
| મગફળી જાડી | ૧૧૪૧ | ૧૬૧૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૭૫૧ |
| ધાણી | ૧૫૦૧ | ૨૯૨૧ |
| જુવાર | ૫૦૦ | ૧૦૯૧ |
| મકાઇ | ૪૨૧ | ૪૪૧ |
| મગ | ૧૦૧૧ | ૧૭૩૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૭૬ |
| વાલ | ૪૦૦ | ૯૮૧ |
| ચોળા / ચોળી | ૨૦૦ | ૧૨૨૬ |
| સોયાબીન | ૧૧૩૧ | ૧૬૭૧ |
| અજમાં | ૧૭૦૧ | ૨૩૪૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૨૧ |
| વટાણા | ૫૦૧ | ૮૯૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૩૮૦ | ૮૦૦ |
| મરચા | ૩૮૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૧૮૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૪૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૨૦૦ | ૮૦૦ |
| ગાજર | ૫૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૮૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૧૮૦ | ૭૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૪ |
| ડુંગળી પુરા | ૮ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૩ | ૯ |
| કોથમીર પુરા | ૩ | ૬ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પરવર | ૮૦૦ | ૯૦૦ |
| ગુંદા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૫ |
| બીટ પુરા | ૧૫ | ૨૫ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૪૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૩૦૦ | ૯૦૦ |
| આદુ | ૨૪૦૦ | ૩૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૬ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૧૧૯૦ | ૧૪૮૫ |
| શિંગ દાણા | ૧૪૯૦ | ૨૧૧૦ |
| શિંગદાણા ફાડા | ૧૪૫૦ | ૧૭૩૫ |
| તલ સફેદ | ૧૧૨૫ | ૨૫૯૫ |
| તલ કાળા | ૨૦૭૫ | ૩૭૧૫ |
| તલ કાશ્મીરી | ૨૨૦૦ | ૨૩૮૦ |
| બાજરો | ૩૮૦ | ૩૮૦ |
| જુવાર | ૪૫૦ | ૧૧૦૫ |
| ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૪૫ | ૫૧૫ |
| મકાઈ | ૪૧૦ | ૪૧૦ |
| મગ | ૧૪૦૦ | ૧૬૯૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૯૭૦ | ૧૧૭૦ |
| ચણા દેશી | ૧૧૨૦ | ૧૧૨૦ |
| સફેદ ચણા | ૭૦૦ | ૧૧૧૫ |
| વટાણા | ૬૪૫ | ૬૪૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૩૦ |
| કપાસ | ૯૬૦ | ૧૮૮૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૫૫ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૮૩૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૫૦ |
| રાય | ૧૦૦૦ | ૧૪૩૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૮૫૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૪૦ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૩૪૫ |
| રજકાનું બી | ૩૯૦૦ | ૯૪૦૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| રીંગણા | ૨૨૦ | ૪૧૦ |
| ફુલાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| શક્કરિયા | ૭૦૦ | ૮૦૦ |
| ટમેટા | ૭૫૦ | ૮૦૦ |
| સુરણ | ૮૫૦ | ૯૪૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૨૦ |
| કાચી કેરી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| કાકડી | ૭૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| પાકી કેરી | ૯૦૦ | ૧૮૦૦ |
| વટાણા | ૨૮૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલાં | ૧૨૦૦ | ૧૩૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૪૫૦ | ૫૫૦ |
| આદુ | ૨૮૦૦ | ૩૦૦૦ |
| કોથમીર | ૭૦૦ | ૮૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૨૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૨૦ |
| સરગવો | ૭૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સૂકી | ૩૫૦ | ૫૧૦ |
| લસણ સૂકું | ૧૧૫૦ | ૨૨૦૦ |
| પાલક | ૬૫૦ | ૭૦૦ |
| લીંબુ | ૬૨૦ | ૧૦૨૦ |
| મકાઇ | ૨૫૦ | ૩૬૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૨૦ | ૧૭૦૦ |
| કપાસ મીડીયમ | ૧૪૮૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૨૩૦ | ૧૨૯૦ |
| તલ સફેદ | ૧૪૯૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૯૭૦ | ૩૨૯૦ |
| જીરૂ | ૩૧૬૦ | ૩૯૧૦ |
| ચણા | ૧૧૧૦ | ૧૧૪૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૧૦ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૩૫ | ૧૬૩૫ |
| મગફળી | ૧૦૦૦ | ૧૧૩૫ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૪૫૪ |
| ચણા | ૧૧૨૧ | ૧૧૨૧ |
| તુવેર | ૧૦૧૦ | ૧૪૩૫ |
| મગ | ૧૬૭૫ | ૧૬૭૫ |
| તલ સફેદ | ૧૨૮૦ | ૨૨૯૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૯૦ |
| શીંગ દાણા | ૧૫૧૫ | ૧૮૪૦ |
| શીંગ ફાડા | ૧૪૮૦ | ૧૫૪૦ |
| એરંડા | ૧૩૦૦ | ૧૩૬૧ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૦૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૬૩૪ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૪૮૯ |
| ઘઉં | ૪૨૫ | ૫૧૧ |
| રાય | ૧૩૦૦ | ૧૫૦૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| જુવાર | ૯૫૦ | ૧૧૦૦ |
| ચોળી | ૮૦૦ | ૧૭૬૫ |
| અડદ | ૧૭૮૦ | ૧૮૩૪ |
| મગ | ૧૨૫૦ | ૧૮૨૬ |
| એરંડી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ચણા | ૯૫૦ | ૧૧૨૮ |
| સફેદ તલ | ૨૦૫૦ | ૨૫૮૫ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૬૫૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૪૦૦ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૨૩૨૫ |
| રજકો | ૪૫૦૦ | ૮૦૦૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| મગફળી | ૧૧૮૫ | ૧૧૮૫ |
| ઘઉં લોકવન | ૪૪૫ | ૪૮૧ |
| મેથી | ૧૧૫૫ | ૧૨૫૫ |
| ઘઉં ટુકડા | ૪૭૨ | ૪૮૧ |
| જુવાર | ૧૦૫૫ | ૧૦૫૫ |
| ચણા | ૯૯૦ | ૧૧૩૪ |
| બાજરો | ૩૮૫ | ૩૮૫ |
| ધાણા | ૨૬૦૦ | ૨૮૫૦ |
| શિંગ ફાડા | ૧૫૩૫ | ૧૫૩૫ |
| શિંગ દાણા | ૧૭૫૦ | ૧૮૫૦ |
| સોયાબીન | ૧૩૫૦ | ૧૪૯૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૪૭૦ |
| મગ | ૧૪૨૫ | ૧૪૨૫ |
| લશણ | ૧૧૦૦ | ૧૧૦૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૮૮૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૭૪ |
| બાજરો | ૩૫૧ | ૩૫૧ |
| મકાઈ | ૫૨૧ | ૫૨૧ |
| મગ | ૧૦૦૦ | ૧૬૪૬ |
| ચણા | ૮૦૧ | ૧૧૩૧ |
| ચોળી | ૧૫૭૬ | ૧૫૭૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૬૪૬ |
| મઠ | ૩૦૦ | ૩૦૦ |
| તુવેર | ૭૦૧ | ૧૪૧૧ |
| મગફળી | ૭૫૧ | ૧૧૬૬ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૨૦૧૧ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૪૧ |
| એરંડા | ૧૧૨૧ | ૧૧૨૧ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૫૬૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૪૭૬ |
| મેથી | ૮૦૧ | ૧૨૨૬ |
| જીરૂ | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ધાણા | ૧૫૦૧ | ૨૮૨૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૦૬ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શિંગ-જીણી | ૧૨૦૦ | ૧૪૬૮ |
| શિંગ મોટી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| શિંગ દાણા | ૧૫૦૦ | ૧૯૦૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૨૧ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૭૦૧ |
| કપાસ | ૧૩૦૦ | ૧૮૫૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૩૦ |
| બાજરો | ૪૦૦ | ૫૦૯ |
| જુવાર | ૮૦૦ | ૧૦૯૦ |
| મગ | ૧૩૦૦ | ૧૫૫૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૬૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૪૧ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૯૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૩૩૫ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ધાણા | ૨૫૦૦ | ૨૮૮૦ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૧૦૮૫ | ૧૧૨૫ |
| બાજરો | ૩૧૫ | ૪૦૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૮૫ |
| મગ | ૧૧૫૦ | ૧૭૫૫ |
| અડદ | ૧૩૫૫ | ૧૭૯૦ |
| તુવેર | ૫૨૫ | ૧૪૪૦ |
| ચોળી | ૧૦૫૫ | ૧૨૦૫ |
| ચણા | ૮૮૦ | ૧૧૫૨ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૫૮૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૨૦ |
| એરંડા | ૧૧૫૫ | ૧૩૬૫ |
| તલ | ૧૫૦૦ | ૨૪૬૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૫૬૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૩૪૫ |
| રાય | ૧૩૦૦ | ૧૬૩૫ |
| લસણ | ૮૦૦ | ૨૩૯૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૮૦ |
| અજમો | ૨૪૯૦ | ૩૪૨૫ |
| અજમાની ભુસી | ૩૦ | ૨૬૦૦ |
| ધાણા | ૧૪૦૦ | ૨૩૦૦ |
| ડુંગળી સુકી | ૬૫ | ૩૮૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૭૭૦ |
| વટાણા | ૫૭૫ | ૭૦૫ |

### મહુવા

| | | |
|---|---|---|
| એરંડા | ૧૩૫૦ | ૧૩૫૧ |
| જુવાર | ૪૯૨ | ૧૦૧૭ |
| બાજરી | ૪૦૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૨૮ |
| મકાઈ | ૪૫૪ | ૪૫૪ |
| અડદ | ૧૬૦૦ | ૧૭૫૨ |
| મગ | ૧૩૦૦ | ૧૬૯૦ |
| મેથી | ૧૧૫૦ | ૧૨૫૦ |
| ચણા | ૭૦૦ | ૧૧૩૯ |
| તલ સફેદ | ૧૭૨૦ | ૨૬૧૫ |
| તલ કાળા | ૨૪૧૦ | ૩૫૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ધાણા | ૨૪૮૦ | ૨૪૮૦ |
| ડુંગળી લાલ | ૧૧૩ | ૫૦૦ |
| ડુંગળી સફેદ | ૨૯૫ | ૪૫૩ |
| કપાસ શંકર | ૧૧૩૫ | ૧૬૧૧ |
| નાળીયેર | ૬૧૦ | ૨૪૦૪ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૨૨૫ | ૧૨૨૫ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૫૦૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૧૦૦ |
| કપાસ | ૧૫૨૫ | ૧૬૫૦ |
| બાજરો | ૩૯૬ | ૪૮૧ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૪૯૦ |
| જુવાર | ૫૨૬ | ૧૧૯૦ |
| મગ | ૧૦૦૦ | ૧૫૪૬ |
| અડદ | ૧૭૭૫ | ૧૭૭૫ |
| તુવેર | ૧૧૬૧ | ૧૨૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૩૭ |
| સોયાબીન | ૮૦૦ | ૧૨૩૦ |
| શીંગદાણા | ૧૬૦૦ | ૧૯૦૦ |

## લખનઉની આગ

# ભ્રષ્ટાચારની ચિનગારીમાં ટૅક્નોલૉજીથી ભારતનું ભવિષ્ય ગૂંગળાઈ ગયું

વિચાર વલોણું



જયવંત પંડ્યા

દિલ્લીમાં હૉટલમાં લાગેલી આગમાં ૨૧નાં મૃત્યુ. બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં હૉસ્પિટલમાં લાગેલી આગમાં ચારનાં મૃત્યુ. અને હવે ગત ૨૩ જૂને લખનઉમાં એનિમેશન શીખવતા કૉચિંગ સેન્ટરમાં આગમાં ૧૫ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીનાં મૃત્યુ થયાં ! દર વખતે આગ લાગે છે, ચર્ચા થાય છે, સરકાર અને સરકારી અધિકારીઓ નિયમોનો ચીપિયો પછાડે છે અને પછી વો હી રફતાર ચાલે છે.

આનું જાળું એવું ગૂંચવાયેલું છે કે તેને તોડવામાં ઘણી બધી મહેનત લાગે તેમ છે. અવૈધ બિલ્ડિંગ, રહેણાંકની પરવાનગીવાળી ઈમારતમાં ચાલતી વ્યાવસાયિક પ્રવૃત્તિ, ઑવરલૉડેડ વીજ ભાર, ગીચ વિસ્તારમાં સાવ સાંકડી જગ્યામાં ધમધમતી હૉટલ, ઑફિસ કે કૉચિંગ સેન્ટરો. મહેસૂલ વિભાગથી લઈને મ્યુનિ. તંત્ર અને વિદ્યુત બૉર્ડ સુધીપબધાની આંખ હેઠળ જ આ બધું ચાલતું હોય છે. ઉપેક્ષા, સગાવ્હાલા અથવા પક્ષના લોકો અથવા ભ્રષ્ટાચારના કારણે થતી તરફેણના કારણે આ બધું ચાલવા દેવાય છે.

લખનઉમાં અલીગંજ કૉચિંગ સેન્ટરમાં મૃત્યુનું એવું કારણ બહાર આવ્યું કે તેમનાં મૃત્યુ અગ્નિમાં બળવાથી નહીં, પરંતુ ગૂંગળામણના કારણે થયા હતા. આગના કારણે ઉત્પન્ન ઝેરી વાયુ શરીરમાં ચાલ્યા ગયા હતા.

આ કૉચિંગ સેન્ટરમાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ગેમિંગ અને એનિમેશન શીખવા આવતા હતા. તપાસમાં ખબર પડી કે બહાર નીકળવાનો દરવાજો એક જ હતો. આજના સમયમાં બે દરવાજા કલ્પવા અઘરા છે. પરંતુ અહીં વાત ટૅક્નોલૉજીની છે. ટૅક્નોલૉજી આશીર્વાદની સાથે અભિશાપ રૂપ પણ બને છે. અહીં એવું જ બન્યું. કૉચિંગ સેન્ટરનો મુખ્ય દરવાજો ઑટોમેટિક હતો. તે માત્ર અંગૂઠો મૂકવાથી જ ખુલતો હતો. આગ લાગવાના કારણે લાઇટ જતી રહી અને દરવાજો લૉક થઈ ગયો હતો તે લૉક જ રહ્યો. આનાથી વિદ્યાર્થીઓ અંદર બંદી બની ગયા. તેમના પાસે બહાર નીકળવાનો કોઈ રસ્તો જ ન રહ્યો.

ઘટના સમયે ૩૦ વિદ્યાર્થીઓ અંદર હતા. પરંતુ ૮-૧૦ વિદ્યાર્થીઓએ કોઠાસૂઝ વાપરી. ઈન્ટરનેટનો ઉપયોગ કર્યો. શેના માટે કર્યો તે બહાર નથી આવ્યું પરંતુ કદાચ આવું થાય તો શું કરવું તે શોધ્યું હોય તેમ બને. તેમણે ડીટીએચ કેબલ અને પાઈપનો ઉપયોગ કર્યો. ત્રણથી ચાર વિદ્યાર્થીઓ બીજા માળેથી કૂદી પડ્યા.

ટૅક્નોલૉજી તરફ આંધળી દોટ મૂકતી વખતે ભારતમાં તેના ગેરફાયદા વિશે વિચારાતું નથી. આજે કમ્પ્યૂટરાઈઝેશન, ઑનલાઈન બધું થઈ ગયું છે અને આપણે વધુ ને વધુ એઆઈ તરફ જઈ રહ્યા છે, પરંતુ લખનઉમાં બન્યું તેવું બને, સિસ્ટમ ઠપ થઈ જાય તો શું થશે તેનો વિચાર કરાતો નથી. એક નાનું ઉદાહરણ જ આપું. છે તો નાનું ઉદાહરણ પણ તેનાથી લોકોને હેરાનગતિ કેટલી મોટી થાય છે તે વિચારવા જેવું છે.

પૉસ્ટ ઑફિસમાં જ્યારે ગ્રાહકોનો ધસારો વધી જાય છે ત્યારે સિસ્ટમ ઠપ થઈ જાય છે. હવે આ સિસ્ટમ ઠપ થઈ જાય છે કે પછી સર્વર ડાઉન છે તેમ કહી કર્મચારીઓ તેમનું કામ ઘટાડી નાખે છે તે કોઈ જોવા જઈ શકતું નથી. જો ખરેખર સિસ્ટમ ઠપ હોય તો તેને સુધારવા કેમ પગલાં લેવાતાં નથી અને જો કર્મચારીઓ આવું કરી દેતા હોય તો તેમના પર રોક કેમ નથી? આવું સરકારી બૅન્કોમાં પણ થાય છે. ટ્રાફિક નિયમો કડક તો બનાવ્યા પરંતુ ઑનલાઈન મેમો ભરવામાં ઘણી વાર ઍપ કે વેબસાઈટ જ નથી ચાલતી.

સરકારી ઍપ કે વેબસાઈટોમાં કેપ્ચા હોય છે. કેપ્ચા એટલા માટે કે કોઈ રૉબોટ આક્રમણ ન થાય. વેબસાઈટ હૅક ન થઈ જાય. પરંતુ આ કેપ્ચામાં જે અંગ્રેજી અક્ષરો અને આંકડાઓ હોય છે તે ઉકેલવા ઘણી વાર અઘરા હોય છે. તે ઝાંખા અથવા તેના પર લીટીઓ કે એવી કોઈ ડિઝાઈન મૂકાયેલી હોય છે. તો આ સગવડતા થઈ કે અગવડતા? એવું હોય તો તેમાં કેપ્ચાના બદલે ઑટીપી રાખો. ઘણી વાર ફૉટાની સાઈઝ એટલી નાની રખાય છે કે તે કેટલો રાખવો તે ખબર નથી પડતી. એના કરતાં એવી સુવિધા આપો કે વેબસાઈટ પોતે જ ફૉટો નાનો કરી નાખે અથવા તમને ઑનલાઈન ક્રૉપ કરવાની સુવિધા આપે.

**લખનઉના એનિમેશન કોચિંગ સેન્ટરમાં આગમાં ૧૫ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીનાં મૃત્યુ થયાં. તે પછી પ્રશાસન સફાળું જાગ્યું છે અને ધડાધડ કોચિંગ સેન્ટરો, ઈમારતોને સીલ કરાઈ રહી છે. પ્રશ્ન એ છે કે આગ પછી જ કેમ પ્રશાસન જાગે છે? અને જ્યાં આગ લાગે છે તે રાજ્યનું પ્રશાસન જ કેમ જાગે છે?**

આ ઉપરાંત ફૉર્મ ભરવામાં કોઈ ખાનું બાકી રહી ગયું હોય અથવા કોઈ ભૂલ થઈ હોય તો તે સબમિટ ન થાય પરંતુ શું ભૂલ છે તે ન બતાવે. જ્યારે ખાનગી વેબસાઈટોમાં ચોક્કસ ખાનામાં ભૂલ છે અને શું ભૂલ છે તે બતાવાય છે.

એઆઈ હજુ તો નવું-નવું આવ્યું છે ત્યાં સરકારો તેની પાછળ ભાગવા લાગી છે. ટ્રાફિકથી લઈને ઘણી બાબતોમાં તેને અપનાવાઈ રહ્યું છે. એઆઈની મુખ્ય કંપનીઓ ચેટ-જીપીટી, જેમિની ઈત્યાદિ પણ કહે છે કે અમારી ભૂલ હોઈ શકે છે. એઆઈ હજુ અધૂરી અથવા તો ઘણી વાર ખોટી માહિતી આપે છે. ફૉટા કે વિડિયો બનાવવાનો હોય તો પણ તેમાં ભારતીયતા દેખાતી નથી. ભારતીય છે એટલે એને કથ્થાઈ બતાવે છે. ભારતીયો ગોરા પણ છે અને કાળા પણ છે. ઘઉં વર્ણા પણ છે. પરંતુ કથ્થાઈ તો નથી જ.

તાજેતરમાં જ અમેરિકામાં ટેસ્લાની ઑટોમેટિક કાર એક ઘરમાં ઘૂસી ગઈ તેમાં મહિલાનું મૃત્યુ થયું હતું. જો અમેરિકામાં આવું હોય તો ભારતમાં શું ન થઈ શકે? અમેરિકામાં તો આ મહિલાના પરિવારજનોએ ટેસ્લા પર કેસ ઠોકી દીધો છે એટલે તેને સારી એવી રકમ તો મળશે પણ ખરી, પરંતુ ભારતમાં ન્યાયતંત્ર મોટા ઉદ્યોગગૃહોની તરફેણ કરવા માટે જાણીતું છે. ન કરે તોય 'તારીખ પે તારીખ'ના લીધે અને ધક્કા ખાવાના કારણે લોકો કેસ કરવાનું પસંદ નથી કરતા.

કહેવાનો અર્થ એ છે કે ટૅક્નોલૉજી પાછળ આંધળી દોટ નહીં, બધાં પાસાં વિચારીને તેનો અમલ કરવો જોઈએ.



લખનઉ અગ્નિકાંડમાં હવે બધું બહાર આવી રહ્યું છે કે અવૈધ ઈમારત હતી, વાયરિંગ જૂનું હતું. વીજળી ઑડિટ નહોતું થયું. તો વીજળી વિભાગવાળા આ દુર્ઘટનાની રાહ જોતા હતા? આપણે ત્યાં દરેક સરકારી વિભાગ કે ખાનગી વિભાગમાં કામ કરતા ઘણા કર્મચારીઓ કામ ન કરવાનાં બહાનાં શોધતાં હોય છે. પહેલાં જ્યારે બાયોમેટ્રિક્સ નહોતું તો ગાંધીનગરના સચિવાલય સહિત દેશભરમાં એવું ચલણ કામચોર કર્મચારીઓમાં હતું કે કર્મચારી કામ પર છે તેવું લાગે તે માટે ચપ્પલ મૂકીને બહાર ચાલ્યા જતા હતા. તેઓ ચાની કીટલી પર વધુ જોવા મળે. ઘણા પોતાનો ખાનગી ધંધો ચલાવતા હતા. અત્યારે પણ કરતા હશે.

લોકોની કમાવાની ઈચ્છાના લોભને કોઈ થોભ નથી. બૅન્કોમાં સારો પગાર હોય છે, તેમ આજથી દાયકાઓ પહેલાં બૅન્કના એક કર્મચારી પોતે ખાનગી ધંધો કરવા માટે બૅન્કમાં આવી, હાજરીપત્રકમાં સહી કરી ચાલ્યા જતા અને પછી મન ફાવે ત્યારે પાછા આવતા. તેઓ બૅન્ક યુનિયનમાં અગ્રણી હતા. એટલે મેનેજર પણ તેમને કંઈ કહી શકતા નહીં.

ટપાલ સહિત ઘણી સરકારી કચેરીઓમાં બપોરે ત્રણના ટકોરા પછી ગ્રાહકો માટે કામ બંધ થઈ જાય અને ગ્રાહક અઢી કે પોણા ત્રણ વાગે આવી ગયો હોય તો પણ લાંબી લાઈન હોય તો તેને ના પાડી દેવામાં આવે. કેમ? કારણકે તેનો વારો આવે ત્યાં સુધી ત્રણથી ઉપરનો સમય થઈ ગયો હોય. જો ગ્રાહક વાંધો ઉઠાવે તો તેના આગળવાળા ગ્રાહકો જ તેની સાથે ઝઘડવા આવી જાય.

અને હવે તો કામ ન કરવા માટે મોબાઈલ ફૉન હાથવગું સાધન છે. ઘણી વાર લાંબી લાઈનમાં ઊભા પછી ગ્રાહકનો વારો આવે ત્યારે સાહેબ મોબાઈલ પર કોઈ સગાવ્હાલા કે કોઈ અન્ય ક્ષેત્રના અધિકારી (જેમ કે પોલીસ વિભાગના અથવા બૅન્કના)નું કામ પતાવતા હોય. એટલે પેલો પ્રભાવશાળી વ્યક્તિ ઘરે કે ઑફિસ બેઠાં મોબાઈલમાં પોતાનું કામ પતાવી દે અને અહીં ગ્રાહક બિચારો ગરમીમાં (હવે તો ભારતમાં ગરમી શિયાળાના બે મહિના સિવાય બારેમાસ હોય છે.) શેકાતો હોય. તડકાથી બચવા માટે ઉપર જો મંડપ કે છત જેવું બાંધ્યું હોય તો સદ્નસીબ અને એમાંય પૂરતા પંખા હોય અને તે પૂરી સ્પીડે ચાલતા હોય તો તો ઓર સદ્નસીબ.

'આજ તક'નાં મુખ્ય ઍન્કર અંજના ઑઉમ્ કશ્યપે કૉચિંગ સેન્ટરના 'રીલ્યા' શિક્ષકોની વિરુધ્ધ નીટ-યૂજી પરીક્ષાનું પેપર ફોડવા બાબતે કહ્યું ત્યારે જેમની મૂછમાં તણખલું હતું એટલે કે જેમની કૉચિંગ સંસ્થાઓમાં જ ગડબડો હતી તેમને મરચાં લાગી ગયાં હતાં અને તેઓ અંજના સામે વિડિયો બનાવવા લાગ્યા હતા, પરંતુ એ જ બિહારના પટનાનો ફૈઝલ ખાન આજે ભાગતો ફરે છે. તેના પટના ઉપરાંત પ્રયાગરાજના કૉચિંગ સેન્ટરમાં પ્રશાસને તાળાં મારી દીધાં છે. કારણકે અગ્નિશમનની પૂરતી સુવિધાઓ નહોતી. દિલ્લીમાં રાવ્સ આઈએએસ સ્ટડી સેન્ટરમાં બેઝમેન્ટમાં આવેલા પુસ્તકાલયમાં વિદ્યાર્થીઓ વરસાદના પાણી ભરાઈ જતાં ડૂબીને મર્યા ત્યારે વિકાસ દિવ્યકીર્તિ અને અવધ ઓઝાના સેન્ટરમાં પણ પૂરતી સુવિધાઓ ન હોવાનું બહાર આવ્યું હતું પરંતુ તે પછી શું થયું તે રામ જાણે, દિલ્લીમાં ભાજપ સરકાર પણ આવી ગઈ પરંતુ એવા સમાચાર નથી આવ્યા કે તેમનાં સેન્ટરોને તાળાં વાગ્યાં છે.

લખનઉમાં માત્ર ૨૨૬ કૉચિંગ સંસ્થાઓ રજિસ્ટર્ડ છે. ચાર હજાર જેટલી સંસ્થાઓ ગેરકાયદે રીતે ચાલી રહી છે. લખનઉમાં જ અગ્નિશમનની સુવિધા વગર ૭૧ ઈમારતો ચાલી રહી હતી. તેને સીલ કરવામાં આવી હતી. આ જ રીતે બરેલીમાં નવ કૉચિંગ સેન્ટર સીલ કરવામાં આવ્યાં.


હવે નિર્ણય કરવામાં આવ્યો કે બેઝમેન્ટમાં કૉચિંગ સેન્ટર અને નર્સિંગ હૉમ નહીં ચાલી શકે. રાવ્સ આઈએએસ કૉચિંગ સેન્ટર દુર્ઘટનામાંથી ધડો છેક બે વર્ષે લેવામાં આવ્યો? અને લખનઉનો અગ્નિકાંડ ન થયો હોત તો હજુ લેવાયો હોત કે કેમ તે પ્રશ્ન છે. અને લખનઉમાં થયું એટલે ઉત્તર પ્રદેશ ઉપરતળે છે. ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, બિહાર, હરિયાણા, કર્ણાટક, તમિળ નાડુ, ઈત્યાદિ રાજ્યોમાં પ્રશાસન મૂક દર્શક છે. કદાચ એવું વિચારતાં હશે કે જ્યારે ઘટના ઘટશે ત્યારે ચીપિયો પછાડીશું.

આવું થાય ત્યારે રાજનીતિ રમાવા લાગે છે. લખનઉ અગ્નિકાંડ અંગે પણ રાજનીતિ રમાઈ રહી છે. ઉપ મુખ્ય પ્રધાન બ્રિજેશ પાઠકે કહ્યું કે જ્યાં આ અગ્નિકાંડ થયો તે અલીગંજ એનિમેશન સેન્ટરની ઈમારતનું અવૈધ નિર્માણ સમાજવાદી પક્ષ એટલે કે અખિલેશ યાદવની સરકાર વખતે થયું હતું. ડિસેમ્બર ૨૦૧૫માં પ્લૉટ બિલકુલ ખાલી હતો. ૨૦ ઑગસ્ટ ૨૦૧૪એ અખિલેશ સરકારે ૧૯૯૨ ચોરસ ફૂટનો આવાસીય નકશાને અનુમતિ આપી. ફેબ્રુઆરી ૨૦૧૬માં નિર્માણ શરૂ થયું અને જૂન ૨૦૧૬ સુધીમાં ઈમારતનું નિર્માણ થઈ પણ ગયું ! ૨૦૧૬માં અવૈધ નિર્માણનો કેસ થયો. ૧૦ મે ૨૦૧૬એ ધ્વસ્તીકરણનો આદેશ પણ આવ્યો હતો. પરંતુ બે મહિના પછી પાંચ જુલાઈ ૨૦૧૬એ અખિલેશ સરકારે ધ્વસ્તીકરણનો આદેશ નિરસ્ત કરી દીધો. આ કેમ કર્યું? અને કોના દબાણ હેઠળ?

વાત સાચી છે. આ રીતે તો અખિલેશ સરકાર પણ આ કરપીણ હત્યાઓ માટે ઉત્તરદાયી ગણાય. પરંતુ તે પછી ૨૦૧૭થી લગલગાટ નવ વર્ષથી યોગી આદિત્યનાથની ભાજપ સરકારનું શાસન છે. આ નવ વર્ષમાં આ આદેશને પુનઃ લાગુ કરી આ અવૈધ નિર્માણને કેમ ન તોડી પડાયું? ત્યાં કેમ આ કૉચિંગ સેન્ટર ચાલતું રહેવા દીધું? ■ jaywant.pandya@gmail.com

# ક્યાં ધંધામાં કમાણી નથી ?

હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧)મને બપોરે બગાસાં આવ્યા કરે છે એનું કારણ શું હશે?
રામભાઈ પટેલ (સુરત)
સવારની આળસ.

(૨)અમેરિકા ઈરાન યુધ્ધ તો પૂરું થઈ ગયું.હવે?
દર્શન પટેલ (વડોદરા)
તમે તો એવા નિરાશ થઈ ગયા જાણે બન્ને દેશોને તમે જ હથિયાર વેચતા હો.

(૩)પૃથ્વી પર ગુરુત્વાકર્ષણને બદલે લઘુત્વાકર્ષણનું ચલણ હોત તો?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
તો તમે અત્યારે હવામાં ઊડતા ઊડતા આ કોલમ વાંચતા હોત.

(૪) દાદા દાદુ બની ગયા,મામા મામુ. તો પછી ફૂવાને ફૂવુ બનતા હજી કેટલો સમય લાગશે?
કનુભાઈ લિંબાસિયા કનવર (ચિત્તલ)
ફઈની મંજૂરી મળી જાય એટલો.

(૫)એવી કઈ બુક છે કે જેમાં પાપ વધારે લખાયાં હોય?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા કેનેડા)
ભ્રષ્ટાચારીની પાસબુક.

(૬)ક્યાં ધંધામાં કમાણી નથી?
ધોરાજીયા ઘનશ્યામ એન (સાજણટીંબા)
આ.

(૭)સાહેબ..! સરકાર શું કામની?
ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)
વળી પાછા શું વાંધા પડ્યા?!

(૮)ઉડતા પ્લેનમાં બાળક જન્મે તો તે કયા દેશનો નાગરિક ગણાય?
કનુભાઈ પરમાર (દામનગર)
આવા કેસમાં એને વિશ્વ નાગરિક જાહેર કરી દેવું જોઈએ.

(૯)વરસાદ આવે ત્યારે ભજિયા ખાવા જોઈએ પણ વરસાદ નથી આવતો તેનું શું કરવું ?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
દર વખતે વરસાદ આવે ત્યારે ભજિયા ખવાય એવું ન બને. ક્યારેક એમ પણ બને કે ભજિયા ખાઓ પછી વરસાદ આવે.

(૧૦)કાચી કેરી ખાટી હોય તો પાકી કેરી કેમ મીઠી હોય છે?
શંભુ ખાંટ 'અનિકેત' (ધનસુરા અરવલ્લી)
એ લોકોમાં આપણા કરતા ઉલટું હોય. એ જેમ જેમ પાકે એમ એમ મીઠાશ પકડે.

(૧૧) મારી આંખમાં દુઃખના આંસુ આવે તો પણ બધા એમ માને છે કે આ ખુશીના આંસુ છે. તો મારે શું કરવું?
રમાબેન પટેલ (અમદાવાદ)
શેરીમાં ઉભા રહી ને ભેંકડો તાણો.

(૧૨)ખીસું શબ્દ વપરાય કે ખિસ્સું?
જય દવે (ભાવનગર)
એની અંદર હોય એ વપરાય એ વધારે જરૂરી છે.

(૧૩) ધએતાવીલાડુફેપ આ ક્યાં દેશની ભાષા હશે?
નીરવ ડણાંક (અમરેલી)
કોઈ પાગલ દેશની લાગે છે.

(૧૪)જેનું નામ બોલવામાં કળાની જરૂર પડે એવી એક વાનગીનું નામ આપો.
નીરજા દવે (અમદાવાદ)
ઢોકળા.

(૧૫)ઘરની બારી મોટી હોય તો એને બારણું કહી શકાય?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
ચડ્ડી મોટી હોય તો એને લેંઘો ન કહેવાય! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# આંદોલનનાં મુદ્દાનું વાજબીપણું અને જનસમર્થન

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

થોડા વર્ષો પહેલા મણીપુર વિધાનસભાની ચૂંટણી યોજાયેલી અને આવેલ પરિણામોમાં એક નોંધપાત્ર બાબત બની હતી. સોશ્યલ, ઈલેક્ટ્રોનિક તેમજ પ્રિન્ટ મીડિયામાં માત્ર લેવા પુરતી નોંધ લેવાઈ હતી. બાબત છે ઈરોમ શર્મિલાએ લડેલ ચૂંટણીના આવેલ પરિણામની. ગુચળીયા વાળ અને નાકમાં નાખેલ ×ફીડીંગ ટ્યુબ× સાથેની એ આયર્ન લેડી ઓફ મણિપુર કહેવાતી ઈરોમ શર્મિલાને લગભગ આપણે બધાએ મીડિયામાં જોયેલ છે. જે છેલ્લા ઘણા વર્ષો AFSPA નામના કાયદાની સામે ભૂખ હડતાલના શસ્ત્રથી લડી રહી હતી. આ સમયગાળા દરમિયાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મીડિયામાં તેણીની ખૂબ નોંધ લેવાઈ અને અનેક એવોર્ડથી નવાજવામાં પણ આવી. તે મીડિયા દ્વારા એક હીરો તરીકે પ્રસ્થાપિત થઇ ચુકી હતી. તેના સમર્થકોના આગ્રહથી તેણે મણિપુર વિધાનસભા લડી અને પરિણામ ચોકાવનારું આવ્યું. ઈરોમ શર્મિલાને માત્ર ૯૦ મત મળ્યા. તેના આંદોલનને નજીકથી જોનારાઓ માટે અને ઈરોમ શર્મિલાને ઓળખનારાઓ માટે આ પરિણામ એક આંચકો હતા. મીડિયા દ્વારા તેણીના પ્રયાસોને અપાયેલ વજૂદને જનાદેશ નામના નિર્ણયે સંપૂર્ણ નકારી કાઢ્યું હતું.

લોકશાહીમાં આખરી અવાજ અને નિર્ણય બેલેટ બોક્ષ કે ઈ.વી. એમ થી નીકળે છે. અહી લાખ રૂપિયાનો સવાલ એ છે કે શું કોઈ વર્ગ, સમાજ કે સમૂહ નો પ્રશ્ન કે સમસ્યા સામે અવાજ ઉઠાવીને નીકળેલ અને મીડિયા દ્વારા પ્રસ્થાપિત થયેલ હીરોને જનમત સંગ્રહ કરાવી લેવો જોઈએ ? શર્મિલાએ પ્રજા માટે ૧૬ વર્ષ સંઘર્ષ કર્યો પણ વિધાનસભાના પરિણામે તેના આ સંઘર્ષને સવાલોના વર્તુળમાં લાવીને મૂકી દીધો. શર્મિલાની બાબતમાં આપણે એ જ વસ્તુઓ જાણતા હતા જે આપણને મીડીયાએ પીરસેલી હતી. તેના મુદ્દાનું વાજબીપણું ક્યારેય મીડિયાની કસોટી પર ચડ્યું હોય તેવું જણાતું નથી. આ ઘટનાનો બોધપાઠ એ થઈ આવે છે કે કોઈપણ આંદોલન કે પ્રજાકીય ચળવળ જ્યાં સુધી જનાદેશની કસોટીએ ચઢીને સફળતા પૂર્વક પાર ન ઉતરે ત્યાં સુધી તેના અંગે મીડિયા કે પ્રજા વચ્ચે પ્રવર્તતા અભિપ્રાયો કાયમી ન ગણવા.

આ સંદર્ભ અત્યારે હિન્દુસ્તાનમાં સવિશેષ ફીટ બેસે છે. શ્રીલંકા, બાંગ્લાદેશ અને નેપાળ જેવા પાડોશી દેશોમાં ટૂંકા સમયમાં ઉભા થયેલા આંદોલાનોએ સરકારો ઉથલાવી નાખી છે. વર્ષોથી વિપક્ષમાં બેઠેલા અને હજુ લાંબો સમય ત્યાં જ બેસવાનું ભવિષ્ય જોઈ ગયેલા પક્ષો અને સંગઠનો આ ત્રણ દેશના ઉદાહરણો આપીને ભારતના યુવાને ઉશ્કેરવાના ભરપુર પ્રયત્નો કરી રહ્યા છે. ઝેન ઝી અમારા માટે સડક પર ઉતરી આવશે, વર્તમાન સરકાર ઉથલાવીને સત્તાની તાસક અમને હાથોહાથ આપી દેશે એવા સ્વપ્નો જોઈ રહેલા પક્ષોને ઝેન ઝીએ નિરાશ કર્યા છે. અમેરિકાથી અચાનક પ્રગટી ગયેલ એક કહેવાતા ઝેન ઝી નેતા થોડા સમયથી ખુબ પ્રયત્ન કરી રહ્યા છે. NEET નામની પરીક્ષાનું પેપર ફૂટી ગયું હતું, એ બાબતને લઈને શિક્ષણ પ્રધાનનું રાજીનામું માંગી રહ્યા છે. જો કે એ પરીક્ષા ફરીથી સફળતા પૂર્વક લેવાઈ ચુકી છે. પણ, એ દેખાવો દરમિયાન એકઠા થયેલા ઝેન ઝીમાંથી ઘણાને NEETનું આખું નામ આવડતું નહોતું એ આડવાત છે. આ સંગઠન કોક્રોચ જનતા પાર્ટીના નામથી ઓળખાઈ રહ્યું છે અને રાજકીય પક્ષ સ્થાપીને ચૂંટણીઓ લડવા વિશે ઈનકાર પણ નથી કરી રહ્યું.

આ દેખાવોમાં જનતા ખાસ એકઠી થઇ શકી નહોતી, આમ પણ હિન્દુસ્તાનની તાસીર છે કે સભા સરઘસમાં એકઠી થતી જનતા મતદાર હોવાની ખાતરી નથી. એટલે જ સભા સરઘસમાં આવતી જનતા ક્યાં સુધી ટેકો આપવા માંગે છે તે જોવું પણ એટલું જ જરૂરી છે. જનતાનો સભા સરઘસ અને બેલેટ પેપર પર મિજાજ સરખો અથવા અલગ હોઈ શકે. ભૂતકાળમાં થયેલા આંદોલનો વખતે આવું મીડિયાનું માધ્યમ હાજર નહોતું. તાજેતરના આંદોલનને ગતિ આપનારું મુખ્ય ચાલકબળ મીડિયા છે. જે મીડિયા સરકાર વિરોધી સમાચારો પ્રસારિત કે પ્રકાશિત કરવા માટે હમેશા તત્પર હોય છે એ મીડિયા આવા આંદોલનને હવા આપે છે. એક વાત, અફવા કે વાવડ વાયુ વેગે ગણતરીના કલાકોમાં પ્રસરી ગયાના ઉદાહરણો છે, જે સમાચારનું કોઈ વજૂદ જ નહોતું. અને તેના પ્રતિભાવો પણ ગણતરીના સમયમાં જોવા મળ્યા છે. જે ઓનલાઈન પક્ષના સવા બે કરોડ સદસ્યો રાતોરાત નોંધાઈ જતા હોય એ સંગઠનની હાકલ પર બે હજાર પણ ભેગા ન થાય તો તુરતના બીજા દિવસથી તેના અસ્તિત્વનો સવાલ ઉભો થઈ જવો સ્વાભાવિક છે. સવાલ એ છે કે આવા પ્રતિભાવો કે સમર્થન ઈશ્યુ ને પૂરો ચકાસીને અપાયેલ છે ? પણ જો આ શરૂઆતની આક્રમકતા જો મતપેટી સુધી ખેચાઈ આવે તો શાસક પક્ષ માટે ચિંતાનો વિષય છે. પ્રજા શાસક કે નાયક ઈ.વી. એમ.થી નક્કી કરે છે, ફેસબુક કે વ્હોટસએપથી નહિ. ફેસબુક પરની બ્લુ ટીક મત આપ્યા બાદનું આંગળી પરની કાળી સ્યાહીનું નિશાન નથી. આ બંનેને એક ગણીને રાજનીતિ કરવાની ઈચ્છા રાખનાર મૂરખ છે.

લાંબો સમય ચાલતા અને પરિણામલક્ષી ના જણાતા આંદોલનો કે ચળવળો જનસમર્થન ગુમાવે છે. જો જનસમર્થન લાંબુ ટકાવી રાખવું હોય તો અંદોલન કે ચળવળના આગેવાને યેનકેન તેને જીવંત રાખવું પડે. માત્ર એક ક્ષુલ્લક માંગના આધારે પક્ષ કે લાંબાગાળાનું આંદોલન ઉભું નથી થઈ શકતું જે સરકારને અસ્થિર કરી શકે. આંદોલનના ખભે બેસીને રાજકીય પક્ષ ઉભો કરવા માટે લાંબાગાળાની હકારાત્મક વિચારધારા અને તેના પર ટકવું જરૂરી છે. જે પક્ષ પોતાની સ્થાપિત વિચારધારાથી ચલિત થયો છે તેનું અસ્તિત્વ ખતરામાં પડી ગયું છે.

ક્વિક નોટ -- જ્ઞાન કથીને ગાડા ભરે, જ્યાં મટે નહિ અંતરનો વિખવાદ, કબીર કહે આ કડછા કંદોઈના કદીના પામે સ્વાદ.

■ production@infiniumpharmachem.com

# આ તરફ મારી માંની લીલી ઝંડી મળી એટલે એ ગેલમાં આવી ગયા



## રાગ - વૈરાગ - ૨૯

લઘુનવલકથા



યોગેશ પંડયા

"અરે મા! તું? તું ઉઠીને....??"

અત્યારે એ એટલું તો માંડ બોલી શકી અને છુટ્ટા મોઢે રડી પડી. હારબંધ ડૂસકાં રૂમની દિવાલે અથડાઈને પાછાં વળ્યા!! અને કરપીણ દર્દ બંનેના હૈયાને વહેરતું રહ્યું..

"સાહેબ, સગી જનેતા ઉઠીને... નામકકર ગઈ!!" રૂપાના ડૂસકા પાછાં વળ્યા,:...કહે કે તમારે જેમ કરવું હોય એમ કરવાની છૂટ છે."

"..અમે "બીજું કરશું....મારી સાસુએ કહ્યું: તો મારી માં એ આંખો છલકાવીને કહ્યું :" છૂટ છે..."

અને પછી તો..

- હું ત્રણ ઓરડાવાળાની પડખે રહેલા અવાવરૂ ભેંત્યામાં ધકેલાઈ ગઈ! જ્યાં કીડી મકોડા અને જીવજંતુંનો કોઈ પાર નહોતો. આખી રાત મને ચટકા ભરતા રહેતા. પણ કાળજે તો ડંખ હવે પછી લાગવાના હતા એવી ખબર નહોતી.

આ તરફ મારી માની લીલી ઝંડી મળી એટલે એ ગેલમાં આવી ગયા. એમના સૌના મનના મનસૂબા તો એમણે તૈયાર જ રાખ્યા હશે,આ તો ખાલી દેખાડો હતો.મારી મા આંસુભરી આંખે મારી સામું જોતી જોતી મારું આંગણું છાંડી ગઈ એ ભેળાં જ એમણે...

રૂપા ના ગળામાંથી એક ડૂસકું વછૂટયું.અને આનંદ કંપી ઉઠ્યો.

રૂપાએ ગળતે કંઠે ફરીવાર પોતાની આપવીતી કહેવી શરૂ કરી:

- ખબર નહોતી કે આ તો એ જ હતી. જેને એ પ્રેમ કરતો હતો. ઘરમાં "બેસાડવાની" તો એને જ હતી, પણ તેની મા આગળ બોલી શક્યો નહોતો.

— જેની હાર્યે એને 'લાગઠું' થયેલું એ જ છોકરી મારી જ હાજરીમાં મારી શોક્ય બનીને આવી.!!

- બંધ કમાડની પાછળ, બંધ ઓરડામાં આખીરાત કાંબી, કડલાં, અને બંગડી, ખખડતા રહેતા, કાચની બંગડીઓની હુંસાતુંસી બોલતી રહેતી અને ..બીજા બધા કેટલાય અવાજ આવતા રહેતા.મારાથી સંભળાય એવા અને ન પણ સંભળાય એવાય અવાજો..! મારા કાનમાંથી જાણે કીડા ખરતા રહેતા હતા..અને ભેંત્યામાં પડી પડી હું આંસુ સારતી રહેતી!

- ધરતી મારગ આપે તો સમાઈ જાઉં. એવી સ્થિતિ હતી. પણ મારા કાકાજીનો દીકરો- મારો દીયર વિરમ મારી પરિસ્થિતિ જાણતો હતો. પણ અમારો કુટુંબી દુશ્મન હતો. સગે સગા કાકા-દાદાના ભાઈઓ વચ્ચે જમીનનો ખટરાગ ઘણા સમયથી ચાલતો હતો.અને હવે ભાયું ભાયું સામસામે કોર્ટે ચડ્યા હતા.આ ખટરાગ લાંબા સમયથી હતો.ક્યારેક ક્યારેક આ બાબતે બોલાચાલી અને ઝઘડો થતો. પણ છાને છપને ખૂણે વીરમ મને 'ભાભી' કહીને મીઠા મ્હોંએ બોલાવતો ત્યારે લાગતું કે કોઈક તો મારું છે.!!

જીવતરના ખારાધૂસ જેવા દરિયામાં ક્યાંક તો મીઠી વીરડી છે! .

ઘરમાં મારી શોક્ય આવી પણ એના હાથમાં તો જાણે મહેંદી મૂકેલી હતી.એટલે સીમનું અને ઘરનું કામકાજ મારે માથે જ રહ્યું.

એને નાની વહુ જેવા માનપાન મળે અને મને મળે જૂતિયા !!

મારી શોક્યને તો રાંધવાનું જ નહીં. ખાલી સજીધજીને તૈયાર- રહેવાનું...! બાકી ઘરનું બધું જ કામ મારે કરવાનું...!!

આખો દિવસ અને રાત ગધેડીની જેમ કામ કરતી પણ મારે જમવાનું સૌથી છેલ્લે રહેતું. થાકી પાકી ને સંધાય ની રાહ જોતી બેઠી રહેતી કે હવે સૌ કોઈ ખાઈ લે તો મને બટકું રોટલો મળે! કેમ કે આખો દિવસ કામ. કરી કરીને હું થાકી તો ગઈ જ હોઉં પણ પેટમાં ભૂખથી એટલા લોચા વળે કે હમણાં હું ક્યાંક પડી જઈશ એવું લાગે.આખરે મારું તપ જાણે પાકે.બધાજ "ઓહિયા".."ઓહિયા.." કરતા ઓડકાર ખાતા ખાતા બહાર નીકળે અને હું ભેંત્યાંમાંથી રસોડામાં જાઉં.! ...પણ જાઉં તો શું જાઉં? બટકું રોટલો પડ્યો હોય! બાકી બધું સફાચટ થઈ ગયું હોય! અને શાક નું તો નામ નિશાન જ ના હોય.મારે ફરી વખત. રાંધવાનું નહીં.જે વધ્યું ઘટયું હોય એ મૂંગે મોઢે ખાઈ લેવાનું..! પણ તપેલીમાં કાઈ હોય તો ખાયને? પછી મીઠું મરચું અને અવાજ નો થાય એમ તેલની ટબુડી માંથી એકાદ પાવળું તેલ લઈને મીઠું મરચું અને તેલની ચટણી કરીને વધ્યો ઘટ્યો રોટલો ખાઈ લઉં..બાકી ,શેરા પૂરી ની તો વાત જ શું કરવી??

વાર પરબ આવે ત્યારે મારે રસોડામાં પગ જ નહીં મૂકવાનો. મારી સાસુ,અને શોક્ય પરબમાં શેરા પૂરી બનાવી નાખે.પછી બધું સાફસૂફ થાય પછી મને એક ગાળ દઈને કહે કે,'થજા,હવે તું ગળચી લે..!"

અત્યાર લગી આવતી શીરા પુરીની સોડમે હું રસોડામાં જાઉં પણ ત્યાં શીરા ,પૂરી કે દૂધપાકનો એક દાણો પણ પડ્યો ના હોય. મારી માટે પાણી નાખી દીધેલી દાળ નો એક વાટકો.હોય અને આગલી રાતનો વધેલો રોટલો હોય!

હું રોતી રોતી ખાઈ લઉ..!

એમાં એક દિવસ શાકમાં મીઠું વધારે પડી ગયું . ને મારી સાસુએ મેણાં માર્યા મારા બાપુની વિશેષ જેમ ફાવે એમ બોલવા લાગ્યાં.

મેં કહ્યું કે બાઈજી, મને જે કહેવું હોય એ કહો પણ મહેરબાની કરીને મારા બાપુને એક શબ્દ કહેતા નહીં :"

- અને મારી સાસુએ ઘરગજાવ્યું.

- મારા ધણિ ને તો આ મોકો જ જોતો હતો.

ગાંડાબાવળની સૂળ બાળેલી લાકડી લીધી. અને મને અવળી કરી. અને પછી..??

એક પછી એક....એની લાકડી ના ફટકા અને મારો વાંહો!

અવળા સવળી પડતા લાકડીના ફટકા એ મારી ચામડી ઉતરડી લીધી!

દીપડો જેમ કોઈ બેજીવસોતી હરણીને પકડે એમ મને પકડી હતી. અને સબાસબી... એક પછી એક ઘા મારી પીઠ ઉપર પડતા હતા અને મારા મોઢામાંથી ચીસો નીકળતી હતી. મારા ડખામાં આડોશ પાડોશ સાંભળતો જ હતો .પણ માઈનો લાલ મને કોઈ છોડાવવા ના આવ્યો.બધા બારણા બંધ કરી કરીને મારા બોકાહા સાંભળતા હતા પણ કોઈમાં રામ રહ્યા નહોતા!

પણ પછી સામેના ફળિયામાં રહેતો મારો દીયર વિરમ ન જોઈ શકયો અને આવીને એક જ ધકકે મોહનને પાડી દઈ ઉપર ચડી બેઠો.

અને મારી સાસુએ રાડ પાડી.

આ તરફ મારા સસરા, મારા સગા બેય જેઠ અને મારો દીયર દોડ્યા અને વિરમને ખેંચ્યો. પણ એ કહેતો હતો : "બિચારી ગવરી ગાય જેવી બાઈ ઉપર હાથ ઉગામતા તારા હાથમાં એક દિ" કાંટા ઊગવાના છે. કાંટા! એવા પાપના પોટલા તમે બધાય ભેગા મળીને બાંધો છો પણ યાદ રાખજો ,એક દિવસ કાળા માથાળાં જીવડા તમારી દેઈમાં(શરીરમાં) ના પડે તો મને કહેજો."

- પણ કાળ કોઈનો રોકાતો નથી. વિરમના શબ્દો સાંભળીને મારા જેઠને કાળ ચડયો એણે ખૂરપીનો એક ઘા વિરમ ઉપર કર્યો. સારૂ કર્યું ખૂરપી માથામાં ન વાગી પણ ખભો લોહીઝાણ કરીને ગઈ!

વિરમને મેં હાથેપગે લાગીને કહ્યું : મારા વીરા, તું અત્યારે ને અત્યારે વહ્યો જા. નહિંતર મારી જીંદગી ઉપર એક બીજી કાળીટીલી બેસી જશે."

પણ એ દાટી મારતો ગયો : "ખબરદાર, હવે જો કોઈએ રૂપા ભાભીને કશું કહ્યું છે તો તમારી કોઈની ખેર નથી."

"તો પછી, તું એને તારા ઘરમાં જ બેસાડી દે. એટલે તારૂ કામેય ફતેહ થાય અને એનીય ભૂખ ભાંગે."

મારી મા જેવી સાસુ એક ઘા ને બે કટકા જેવા વેણ બોલવા લાગી.. વેણ સાંભળીને ફરમટી મારીને વિરમ પાછો વળ્યો. પણ મેં એને હાથ જોડયા.

- એ જ રાત્રે મને ઘરમાંથી બધાએ ભેગાં મળીને કાઢી મૂકી. ગામને આથમણે પાદર મારા પિયરની સગાઈએ મારા ગામની દીકરી અને અહીં પરણાવેલી ચંપાએ મને આશરો આપ્યો.

હવે મારેને એ ઘરને કોઈ સગપણ, સંબંધ કે નાતો રહ્યા નહીં.!!

★★

પણ પિયરનું પાનેતર પહેરીને હું જેની સાથે ચોરી ના ચાર ફેરા ફરીને આવી હતી એ જણ તો હતો જ ને?

મને થયું ક્યારેક મને તેડવા આવશે અને કહેશે કે "હાલ, આવતી રહે."

ભલે પત્નીનું સ્થાન ન આપે. પણ હું દાસી બનીને પડી રહેત! પણ એવા તો કેટલાયે સૂરજ ઊગ્યા ને ડૂબ્યા. એકવાર સાંકડી શેરીમાં હું કોઈની વાડીએથી દાડી કરીને પાછી વળતી હતી. ત્યાં જ એ બેય જણાં આવતા હતા. મનમાં હોંશ ઉપજી કે એનું મોઢું જોઈ લઉં. પણ જેવી હું સામે આવી કે મારી શોકયે બાવડું ખેંચીને પાછો ફેરવી લીધો અને પીઠ ફેરવી ગયા. મને થયું કે, ઓહ... જેને હું હજી મારો પતિ, મારો પુરૂષ માનતી હતી એને તો હું કશું લાગતી વળગતી જ નથી. મારું કાળજુ કરવતે કરવતે વહેરાઈ રહ્યું. જેની સાથે ચોરીના ચાર ફેરા એ આદમી ફર્યો હતો એ સ્ત્રી સાથે તમામ સગપણ એણે છોડી દીધા હતા. પણ હું હજી એનાથી છુટી પડી નહોતી. પણ એતો મારો ભરમ હતો. !એ ભરમના પરપોટા એક પછી એક આ રીતે ફૂટતા હતા સાહેબ ! મને એમ થયું કે મારી જીંદગીનો હેતું શું હતો? હું કોના માટે જીવતી હતી અને શા માટે જીવતી હતી ? (ક્રમશઃ) ■

# આંખોમાંથી પડતાં ગરમ ગરમ આંસુને તેની હાથની હથેળીમાં ઝીલી લે તે સાચો મિત્ર...!



## રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા



અમૃત પરમાર

"વાતાવરણ જ એવું છે બેટા, મને પણ ક્યાંય ગમતું નથી." બા બોલ્યાં.

"કાલે તો હું વહેલી સવારમાં પાંચ વાગ્યે આભરવેલી જવા નીકળી જઈશ..."

"હા, એમાં થોડું ચાલશે. જવું તો પડે જ ને, નોકરી કંઈ એમ જ થોડી થાય."

આમ બા સાથે થોડી-ઘણી વાતો થઈ. સાંજનું ભોજન ખાઈ લીધા પછી મોડે સુધી દામો હિંડોળા પર જ બેસી રહ્યો. પછી છેલ્લે બા એ કહ્યું : "તારે સવારમાં વહેલું જવાનું છે એટલે હવે ઊંઘી જા..." આટલું સાંભળી દામો રૂમમાં ગયો.

પથારીમાં રાતભર દામો આમ-તેમ આળોટતો રહ્યો. અસંખ્ય અને અકલ્પ્ય વિચારોમાં ફસાઈ જઈને દામોએ માંડ માંડ કરીને રાત કાઢી પછી વહેલી સવારે પાંચ વાગે ઊઠી નાહી પરવારીને દામોએ વાંકા વળી બાનાં ચરણસ્પર્શ લીધા પછી જ્યારે તેણે ડેલી બહાર પગ મૂક્યો અને જરા ડોક મરડીને બા સામે જોતાં બોલ્યો : "ચિંતા ન કરતાં બા... તમારી તબિયતનું ધ્યાન રાખજો. રજાનો મેળ પડશે એટલે તરત જ તમારી પાસે આવી જઈશ..." આટલું બોલી દામો ચાલતો થયો.

જ્યારે દામો બાને પગે લાગ્યો ત્યારે તેણે ત્રાંસી નજરે જોયું તો બાની આંખોમાંથી આંસુ નીકળતાં તેણે જોયાં હતાં. એ નીકળતાં આંસુમાં એટલી બધી તાકાત હતી કે ડેલી બહાર નીકળી, થોડે દૂર જઈ દામો પણ ડૂસકે ડૂસકે રડી પડ્યો હતો. કોણ જાણે એ સમયે દામોને કંઈક એવો અહેસાસ થયો હતો કે, આ સમયનું બાનું રડવું કંઈક અલગ પ્રકારનું હતું.

બસ સ્ટોપ પર ઉભા રહેતાં દામોને આભવેલી જવાનું વાહન તરત જ મળી ગયું. સાડા છ વાગે દામો આભવેલી પહોંચી ગયો. સ્કૂલે જવાની હજી વાર હતી એટલે તે સીધો ઘરે પહોંચી ગયો.

ઘરના ડેલાનો દરવાજો ખુલ્લો જોતા દામોને થોડું આશ્ચર્ય થયું, આટલો વહેલો દરવાજો ખુલ્લો કેમ ? મનમાં તેને અસંખ્ય વિચારો આવ્યા અને ચાલ્યા ગયા. તે અંદર દાખલ થયો, હાથમાં રહેલો થેલો સોફા પર મૂકી તે થોડીવાર બેઠો.

બે મિનિટ થઈ હશે ત્યાં તો શાંતિ બેડરૂમમાં આવી. એ આટલી બધી વહેલી નાહીને તાજી જ અહીં આવી હોય તેવું લાગતું હતું. કારણ કે તેના લાંબા લાંબા વાળમાંથી ક્યારેક ક્યારેક પાણીનાં ટીપાં હજીપણ નીચે ટપકી રહ્યાં હતાં. કોણ જાણે કેમ... આજની શાંતિની કાયા, તેનો દેહ તથા તેનો ચહેરો અતિ આકર્ષક દેખાય રહ્યો હતો. હા, તેના ચહેરા ફરતે કંઈક અલગ જ પ્રકારની આભા જાણે તેજ પ્રકટાવતી દામોએ નિહાળી. આ ઉપરાંત શાંતિની નજરમાં સારી એવી નજાકત પણ દેખાઈ આવી. ફક્ત બે દિવસની ગેરહાજરીમાં પોતાની અર્ધાંગિનીનું આવું બદલાયેલું રૂપ તદન વિસ્મય પમાડે તેવું દેખાયું. એટલે દામો વળી વિચારે ચડ્યો :

કાં તો મારી નજરમાં કંઈક ખામી આવી ગઈ હોવી જોઈએ, કાં તો શાંતિની નમણી કાયામાં કોઈ દોષ આવી ગયો હોવો જોઈએ. આ બેમાંથી એક તો નક્કી જ...! નહિતર ફક્ત બે દિવસમાં આટલો બધો ફેરફાર ? આટલી બધી તરાવત ?

"તું ક્યારે આવ્યો ?" રૂમમાં દાખલ થતાંવેંત શાંતિએ દામજીને ધીમેથી પૂછ્યું.

"હમણાં જ આવ્યો." હામાએ હવે શાંતિ સામે જોતાં રહી કહ્યું. દામજીની સામે જોઈ શાંતિએ તરત જ તેની નજર નીચે ઢાળી દીધા. પછી બોલી : "બાથરૂમમાં નાહવા જતાં પહેલાં મેં ડેલાનો દરવાજો અંદરથી ખોલી નાખ્યો હતો. મને ખબર તો હતી જ કે, આજે તું વહેલી સવારે આવવાનો છે..."

"એ તો સારું કર્યું..."

"થોડી ચા બનાવી દઉં."

"ન બનાવે તો પણ ચાલશે, વહેલી સવારે બાએ ચા બનાવી તે પીધી છે."

"તો પણ ચા પીને પછી જ તું સ્કૂલે જજે..."

"સારું..." હામાએ કહ્યું.

દામજી આ ચાહ પીધા પછી સોફા પરથી ઊભા થતાં તે બોલ્યો : "હું હવે સ્કૂલે જાઉં છું..." શાંતિ કંઈ બોલી નહીં. પરંતુ થોડી થોડી વારે આંખો ઊંચી કરી તે દામજીના ચહેરાને તાકતી રહી. ને દામજી તો રૂમમાંથી બહાર નીકળી ડેલી બહાર પણ ચાલ્યો ગયો.

હવે શાંતિના શ્વાસ ધીમે ધીમે શાંત થયા. તે તો હજી સોફા પર શાંતિથી બેઠી હતી. હજી પણ તેના વિચારો ઓછા થતા ન હતા. ઘણીવાર સુધી તે તો એમ જ સોફા પર બેસી રહી. (ક્રમશઃ) ■

# દંપતી વચ્ચે સન્માન ન હોય ત્યાંથી લક્ષ્મી દોટ મૂકીને ભાગે છે



સપ્તરંગ

દિલીપ ભટ્ટાચાર્ય

કેટલાક લોકો હજી પણ બાળકોને બાળક માનવાની ભૂલ કરે છે. આજના તમામ બાળકો અગાઉની પેઢીનાં બાળકો કરતાં અનેકગણા બુધ્ધિશાળી છે. આ વાત આમ તો સહુ જાણે છે પણ પછી ભુલી જાય છે. દાંપત્યજીવનમાં પતિ અને પત્ની વચ્ચે મનમેળ ન હોય તો બાળકોને એનો પૂરેપૂરો લાભ લેતા આવડતો હોય છે. આજે જે લોકો ભણી ગણીને પુખ્ત થયા પછી પણ નોકરી કરી શકતા નથી, પોતાની કમાણી કરતા નથી તેવા લોકોના બાળ જીવનના વરસો બહુ તંગદિલીમાં પસાર થયા હોય છે. આપણે ત્યાં ઘણાં દંપતી છે કે જેમાં બેમાંથી એકનો સ્વભાવ બહુ જ ટકટક કરવાનો હોય છે.

એને કારણે ઘરનું વાતાવરણ ડહોળાય છે. થોડીવાર થાય ને પત્ની કહે કે તમે ફરી આ જુનો શર્ટ કેમ પહેર્યો ? અથવા તો હું ત્રણ દિવસથી કહું છું તો તમે કોલગેટ લાવવાનું કેમ ભૂલી જાઓ છો? જાવ, અત્યારે ને અત્યારે લઈ આવો. અથવા તો તમને બટેટા ભાવે એટલે શું મારે રોજ બટેટાનું શાક કરવું એમ? આ કંઈ હોટેલ છે હેં ? આ બધી વાતો આમ તો વાસણ ખખડવાની વાત છે પણ આવા ખખડાટ બાળકોના ભવિષ્યને બરબાદ કરી મૂકે છે. બાળકોને પણ બીજાઓનું અપમાન કરવાની ટેવ પડે છે.

જે સ્ત્રીઓને પોતાના પતિદેવની નિંદા કરવાની ટેવ હોય એના ઘરના દરેક પ્રસંગો કલેશ યુક્ત બની જાય છે અને એના પડઘા બૃહદ પરિવારમાં પણ પડે છે. શુભ અવસરોએ પણ આ ક્લેશ સપાટી પર આવે છે ને જગતને એની ઝાંખી જોવા મળે છે. તળિયાની વાત નળિયે પહોંચતા વાર લાગતી નથી. આમાં માત્ર એમ નથી કે સ્ત્રીઓને જ આવી ટેવ છે. ગુજરાતી પ્રજામાં પોતાની પત્નીને 'અરે તને કંઈ બુધ્ધિ છે કે નહિ ? 'એવું એક પણ વાર ન બોલ્યો હોય તેવો પુરુષ ત્રિલોકમાં દુર્લભ અને સાક્ષાત શિવસ્વરૂપ તથા વંદનીય છે...! પુરુષોને પણ પત્ની સાથે જાહેરમાં રકઝક કરતા સમાજે જોયા છે. જો જાહેરમાં પણ તેઓ સદવર્તન ન કરી શકતા હોય તો તેમના પરિવારના યાતનામય દિવસોનો માત્ર અંદાજ બાંધવાનો રહે. છતાં દુનિયા બધું ભુલી જવાની હોય છે પરતું ઘરના કેન્દ્રમાં રહેલા સંતાનો એ ઘટનાઓને કદી વીસરી શકતા નથી. એ ઘટનાઓ એમની જિંદગીમાં પડછાયાની જેમ સાથે રહે છે અને એમના મનને વિષાદથી ભરી દે છે.

આપણા દેશમાં તો આત્મકથા લખવાનો બહુ રિવાજ નથી. બહુ ઓછા લોકોએ આત્મકથા લખી છે. પરંતુ પશ્ચિમના દેશોમાં તો હજારો લોકોએ આત્મકથા લખી છે. અરે એમાં કેટલાક તો સામાન્ય લોકો પણ છે પરંતુ તેમની જિંદગી બહુ અસામાન્ય હોય છે. તેમાં તેઓ તેમના માતા અને પિતા વચ્ચેના સ્નેહસંબંધ પર તો ખાસ લખે છે. કારણ કે એનો એમની વ્યક્તિગત જિંદગી પર ઊંડો પ્રભાવ પડ્યો હોય છે. જે દંપતી પ્રસન્ન જિંદગી જીવ્યા હોય એમના સંતાનો બહુ સુખી જીવન જીવતા હોય છે. કારણ કે પ્રસન્ન માતા-પિતાના જીવનમાંથી જ સંતાનોને સુખની સો ગુરુચાવીઓ મળી રહે છે. પ્રસન્ન દંપતીના છાંયે ઉછરેલા શિશુઓ જ આગળ જતાં મહાપુરુષો બને છે.

જે ઘરમાં બેજણને એકબીજાની માયા ન હોય એ ઘર કંઈ ઘર ન કહેવાય, એ તો મકાન જ ગણાય. આમ પણ વિષ્ણુ પુરાણ તો કહે જ છે કે જે ઘરમાં પતિ અને પત્ની પરસ્પરનું સન્માન જાળવતા ન હોય એ ઘરમાંથી લક્ષ્મી દોટ મૂકીને ભાગે છે. એવા પરિવારોની માથે નિર્ધનતા તલવારની જેમ લટકતી હોય છે. જે દંપતીને જિંદગીની કિંમત ન હોય એને એકબીજાની તો શું મરજાદ હોય ? એક એક દિવસ સોનાનો છે અને પ્રેમભર્યા સહજીવનમાં તો એકે એક દિવસ સાત સોનાનો હોય છે. આખા દિવસમાં બે સારા વેણ બોલી ન શકાય તો કંઈ નહિ, જીવનસાથી હતોત્સાહ થાય એવું કંઈ બોલાય નહિ. પરંતુ આટલી ભાન આવતા કેટલાકને તો ચાર-પાંચ દાયકાઓ વીતી જાય છે અને કેટલાક તો એવા ને એટલા અભિમાની હોય છે કે સાત ભવે પણ એમના દામ્પત્યમાં વિવેક પ્રવેશતો નથી. ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# નવી ઉડાન : એલાયન્સ એરની મુંબઈ-પોરબંદર-કેશોદ-અમદાવાદ હવાઈ સેવાનો થયો પ્રારંભ

પોરબંદર,તા.૨૭

પોરબંદરના સર્વાંગી વિકાસ અને દેશના મુખ્ય શહેરો સાથે ઝડપી હવાઈ સંપર્ક સુનિશ્ચિત કરવા માટે આજે વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સ્થાપિત થયું છે. એલાયન્સ એર દ્વારા મુંબઈ–પોરબંદર–કેશોદ–અમદાવાદ તેમજ અમદાવાદ–કેશોદ–પોરબંદર–મુંબઈ રૂટ પર નવી હવાઈ સેવાનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ નવી સેવા દ્વારા પોરબંદરને મુંબઈ અને અમદાવાદ જેવા મહત્વપૂર્ણ શહેરો સાથે સીધી અને વધુ સુવિધાજનક હવાઈ કનેક્ટિવિટી પ્રાપ્ત થઈ છે, જે જિલ્લાના વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.આ નવી હવાઈ સેવા શરૂ કરવામાં પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા તેમજ રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા સહિતના સ્થાનિક આગેવાનોના સંકલિત પ્રયાસોનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું



છે. આ નિમિત્તે પોરબંદર એરપોર્ટ ખાતે યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રથમ ફ્લાઈટનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને મુસાફરોને પુષ્પગુચ્છ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.આ નવી હવાઈ સેવા શરૂ થતાં પોરબંદરના ઉદ્યોગ, વેપાર, શિક્ષણ, આરોગ્ય અને પ્રવાસન જેવા વિવિધ ક્ષેત્રોને નવી દિશા મળશે. વેપારીઓ, વિદ્યાર્થીઓ અને દર્દીઓ માટે મુસાફરી વધુ ઝડપી અને સરળ બનશે. એલાયન્સ એરની આ ફ્લાઈટ નિર્ધારિત સમયપત્રક મુજબ મુંબઈ, પોરબંદર, કેશોદ અને અમદાવાદ વચ્ચે નિયમિત રીતે સંચાલિત થશે.

# પ્રધાનમંત્રી મોદી ત્રણ દિવસની સેશેલ્સ દેશની મુલાકાતે પહોંચ્યા

વિક્ટોરિયા,તા.૨૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શનિવારે ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે સેશેલ્સ પહોંચ્યા છે. જ્યાં તેમનું ભવ્ય અને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. સેશેલ્સ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર રાષ્ટ્રપતિ ડૉ. પેટ્રિક હર્મિની અને ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ દ્વારા પીએમ મોદીને ઔપચારિક ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન બંને નેતાઓ વચ્ચે ‘કાર ડિપ્લોમસી’ પણ જોવા મળી હતી જ્યારે તેઓ સાથે કારમાં મુસાફરી કરતા નજરે પડ્યા હતા. એરપોર્ટ પર ભારતીય સમુદાયના લોકોએ કચ્છ નૃત્યના પરંપરાગત પ્રદર્શન સાથે પ્રધાનમંત્રીનું અદ્‌ભુત સ્વાગત કર્યું હતું જેના ફોટા પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર શેર કરીને પ્રશંસા



કરી હતી. પીએમ મોદી સેશેલ્સના રાષ્ટ્રીય દિવસના સુવર્ણ જયંતિ સમારોહમાં અતિથિ વિશેષ તરીકે હાજરી આપશે અને ત્યાંની નેશનલ એસેમ્બલીને પણ સંબોધિત કરશે. નવી દિલ્હીથી રવાના થતા પહેલા તેમણે જણાવ્યું હતું કે સેશેલ્સ ભારતનું એક મહત્વપૂર્ણ દરિયાઈ પાડોશી અને ‘વિઝન ઓશન’ અંતર્ગત મુખ્ય ભાગીદાર છે. આ ઐતિહાસિક મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશોના લોકોની પ્રગતિ તેમજ હિંદ મહાસાગર ક્ષેત્રમાં સુરક્ષા અને વિકાસને વધુ મજબૂત કરવાનો છે.

# જીંદમાં ટ્રકે કારને પાછળથી ટક્કર મારતા ત્રણના મોત


જીંદ,તા.૨૭

જીંદના લાજવાના ગામ નજીક હાઈવે ૧૫૨ ડી પર એક અત્યંત દુઃખદ માર્ગ અકસ્માત સર્જાયો છે. ખાટુ શ્યામના દર્શને જઈ રહેલા કરનાલના એક પરિવારની કાર સામે અચાનક રખડતું પ્રાણી આવી ગયું હતું. તેને બચાવવા જતાં કારને સામાન્ય નુકસાન થયું, જેથી પરિવારે વાહન રસ્તાની બાજુમાં રોક્યું હતું. આ દરમિયાન પાછળથી આવતી એક બેકાબૂ ઝડપી ટ્રકે કારને જોરદાર ટક્કર મારી અને તેની પર પલટી ગઈ. આ ભયાનક અકસ્માતમાં ધર્મપાલ, રાજકુમાર અને સ્વીટીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે બે મહિલાઓ ગંભીર રીતે ઘાયલ થઈ છે. પોલીસે ઘાયલોને પી.જી.આઈ.એમ.એસ. રોહતક ખસેડીને ટ્રક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ હાઈવે પર રખડતા પ્રાણીઓની ગંભીર સમસ્યા ફરી ઉજાગર કરી છે.

# ઉત્તરાખંડથી દિલ્હી સુધી આંતકવાદી હુમલાની આશંકાએ ગુપ્તચર એજન્સીઓ બની સતર્ક

નવીદિલ્હી,તા.૨૭

ગુપ્તચર એજન્સીઓએ ઉત્તરાખંડથી લઈને દિલ્હી સુધી આતંકવાદી હુમલાની આશંકા વ્યક્ત કરતી ગંભીર ચેતવણી જારી કરી છે. એક ધમકીભર્યા ઈમેઈલના આધારે આગામી દિવસોમાં ખાલિસ્તાની આતંકવાદીઓ દ્વારા મોટા હુમલા થઈ શકે છે તેવી માહિતી સામે આવી છે. આ ઈમેઈલમાં દિલ્હી અને ઉત્તરાખંડના પ્રખ્યાત મંદિરો, સરકારી કચેરીઓ,



રેલ્વે સ્ટેશનો અને રાજકીય નેતાઓને નિશાન બનાવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ગંભીર ધમકીને પગલે દિલ્હી પોલીસ અને ઉત્તરાખંડ પોલીસ સહિત તમામ એજન્સીઓ અત્યંત સતર્ક થઈ ગઈ છે અને સંવેદનશીલ સ્થળો પર દેખરેખ અને સુરક્ષા વ્યવસ્થા સખત કરી દેવામાં આવી છે.બીજી તરફ, આતંકવાદ વિરોધી ટુકડીએ રાજસ્થાનના જયપુરમાંથી એક મહિલાની ધરપકડ કરી છે, જેના સંબંધો પાકિસ્તાની આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે હોવાની આશંકા છે. મૂળ ગંગાપુરની રહેવાસી આ મહિલાના મોબાઈલમાંથી પાકિસ્તાની નંબરો, ઉગ્રવાદી પ્રચાર સામગ્રી અને વાંધાજનક સોશિયલ મીડિયા પ્રોફાઈલ્સ મળી આવી છે, જેની સુરક્ષા એજન્સીઓ હાલમાં ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

# જમ્મુ-કાશ્મીરના અનેક વિસ્તારોમાં ભુકંપના આંચકા

શ્રીનગર,તા.૨૭

જમ્મુ-કાશ્મીરના ઘણા વિસ્તારોમાં શનિવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લોકો ગભરાઈને ઘરો અને ઓફિસોની બહાર નીકળી આવ્યા હતા. હાલમાં કોઈ મોટા નુકસાન કે જાનહાનિના સમાચાર નથી. જમ્મુ-કાશ્મીર અને તેની આસપાસના વિસ્તારો ભૂકંપની દૃષ્ટિએ સંવેદનશીલ માનવામાં આવે છે અને અહીં સમયસમય પર હળવા વચગાળાના તીવ્રતાના આંચકા અનુભવાતા રહે છે. અફઘાનિસ્તાનના હિન્દુકુશ પ્રદેશમાં શનિવારે સાંજે ૬.૨ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભારતીય સમય અનુસાર આ ભૂકંપ સાંજે ૭:૦૪ વાગ્યે આવ્યો હતો. તેનું કેન્દ્ર ઉત્તર-પૂર્વી અફઘાનિસ્તાનમાં કલાફગાનથી આશરે ૮૧ કિલોમીટર દૂર હતું. ભૂકંપની ઊંડાઈ ૨૧૫ કિલોમીટર હતી. આ જ કારણે તેના આંચકા અફઘાનિસ્તાન ઉપરાંત ભારત, પાકિસ્તાન, ચીન, તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન, અને તુર્કમેનિસ્તાનમાં પણ અનુભવાયા હતા.

# મધ્યપ્રદેશના કિશનપુર ગામે ચારિત્ર્યની શંકામાં પત્ની, બે બાળકોની હત્યા બાદ પતિનો આપઘાત

મોરેના, તા.૨૭

મધ્ય પ્રદેશના મોરેના જિલ્લાના કિશનપુર ગામમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ચારિત્ર્ય અંગેની શંકાના કારણે બલરામ કુશવાહાએ પોતાની પત્ની રવિતા અને બે માસૂમ પુત્રો દેવુ તથા આરવની કુહાડીના ઘા મારી હત્યા કરી હતી. ઘટના બાદ તેણે શિકારપુર રેલ્વે ક્રોસિંગ પર ટ્રેન સામે કૂદી




આત્મહત્યા કરી લીધી. તપાસ દરમિયાન પોલીસને બલરામના મોબાઈલમાંથી એક વીડિયો મળ્યો, જેમાં રવિતા ભાગવત કથાના કાર્યક્રમ દરમિયાન ધાર્મિક નૃત્ય કરતી જોવા મળે છે. આ વીડિયો અંગે બલરામને વાંધો હતો અને તેણે તે પોતાના સંબંધીઓને પણ મોકલ્યો હતો. મૃતકના પિતાએ આરોપ મૂક્યો છે કે બલરામ લાંબા સમયથી પત્નીના ચારિત્ર્ય પર શંકા કરતો હતો. પોલીસે ઘટનાસ્થળેથી પુરાવા એકત્ર કરીને ફોરેન્સિક તપાસ શરૂ કરી છે. ચારેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે અને સમગ્ર મામલે વધુ તપાસ ચાલુ છે.

# તેહરાનની મંજૂરી વિના હોર્મુઝ સ્ટ્રેટ પસાર કરનાર જહાજ પર ઈરાનનો હુમલો

તહેરાન,તા.૨૭

ઈરાને તેહરાનની મંજૂરી વિના હોર્મુઝ સ્ટ્રેટનો ઉપયોગ ન કરવાની ચેતવણી આપ્યાના થોડા જ કલાકોમાં એક જહાજ પર હુમલો કર્યો છે. આ ઘટનાને પગલે આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠનના વડા આર્સેનિયો ડોમિંગુએઝે સુરક્ષાના કારણોસર ફસાયેલા જહાજોને બહાર કાઢવાની યોજના સ્થગિત કરી દીધી છે. બીજી તરફ, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ



ટ્રમ્પે ઈરાન પરમાણુ હથિયાર ન મેળવવા સંમત થયું હોવાનો દાવો કર્યો છે, જ્યારે ઈરાને ઈઝરાયલને લેબનોન છોડવા નહિતર પરાજય માટે તૈયાર રહેવાની ધમકી આપી છે. દરમિયાન, અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાન દ્વારા ટોલ અથવા ફી વસૂલવાની શરતને અસ્વીકાર્ય ગણાવી ચેતવણી આપી છે કે આનાથી વૈશ્વિક જળમાર્ગો પર અરાજકતા ફેલાશે. ઈરાનના મુખ્ય વાટાઘાટકાર મોહમ્મદ બાઘેરી ગાલિબાફે પણ અમેરિકી કૃષિ ઉત્પાદનો ખરીદવાના વિચારને નકારીને દાયકાઓના અવિશ્વાસનો ઉલ્લેખ કર્યો છે. હાલ આ મહત્વપૂર્ણ માર્ગ પર ભારે મૂંઝવણ અને અસુરક્ષાનો માહોલ સર્જાયો છે.

# ઉના તાલુકાના કેસરીયા ગામે શ્રમિક બાળકોને કેરીનું વિતરણ કરવામાં આવ્યુ

ઉના,તા.૨૭

ભીમ અગિયારસના પર્વ નિમિત્તે જનહિત લોકસેવા ફાઉન્ડેશન કેસરીયા દ્વારા ઉનાના કેસરિયા અને સીમાસી ગામની ઝુંપડપટ્ટી વિસ્તારમાં વસતા શ્રમિક પરિવારોના સેંકડો બાળકોને કેરીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યનો મુખ્ય ઉદ્દેશ ગરીબ અને વંચિત પરિવારોના બાળકો પણ તહેવારની ખુશીઓ માણી શકે તેમજ તેમને પોષણયુક્ત આહાર મળી રહે તે હતો. ફાઉન્ડેશનના પ્રમુખ હાર્દિક શિંગોડે જણાવ્યું હતું કે સમાજના છેવાડાના



લોકો સુધી ખુશીઓ પહોંચાડવી એ જ સાચી સેવા છે. ટ્રસ્ટી નાનુભાઈ ચારણીયાએ પણ આ સેવાયજ્ઞમાં મહત્વનું યોગદાન આપ્યું હતું. ગામના આગેવાન કનુભાઈ શિંગોડ સહિત સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના ખાતે શ્રી રાધાકૃષ્ણ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

ઉના,તા.૨૭

ઉના શહેરની રાધાકૃષ્ણ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉના નગરપાલિકાના



તસવીર : કૈલાશ ભટ્ટ

પ્રમુખ હર્ષાબેન ભોળુભાઈ રાઠોડ, શાસક પક્ષના નેતા કુલદીપસિંહ ડોડિયા, અશ્વિનભાઈ રાજુભાઈ ડાભી તેમજ ગિરીશભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરીને નવા વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવ્યો હતો.

# સુમુલ ડેરી ચૂંટણીમાં કોંગ્રેસ ઉમેદવારોને અજ્ઞાત સ્થળે ખસેડશે: તુષાર ચૌધરી

સુરત,તા.૨૭

સુરતની વાર્ષિક રૂ.૧૨ હજાર કરોડનું ટર્નઓવર ધરાવતી સુમુલ ડેરીની ચૂંટણીમાં ફોર્મ ચકાસણી પૂર્ણ થતાં જ મોટો રાજકીય ડ્રામા સર્જાયો છે. ભાજપની કથિત ધાકધમકીઓ સામે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ધારાસભ્ય ડૉ. તુષાર ચૌધરીએ પોતાના તમામ ૧૧ ઉમેદવારોને તત્કાલ પ્રભાવથી અજ્ઞાત સ્થળે ખસેડવાની જાહેરાત કરી છે.તેમણે



આક્ષેપ કર્યો છે કે ઉમરપાડા બેઠકના કોંગ્રેસ પ્રેરિત ઉમેદવારના મુખ્ય દરખાસ્ત કરનાર રવિન્દ્રભાઈ વસાવા છેલ્લા ત્રણ દિવસથી ગાયબ છે અને ભાજપના ઈશારે તેમનું અપહરણ કરાયું છે. ચૌધરીએ ઉમેર્યું કે ઉમેદવારોની સુરક્ષા માટે જરૂર પડ્યે તેમને ગુજરાત બહાર કે વિદેશ પણ મોકલવામાં આવશે, પરંતુ ભ્રષ્ટાચારી શાસન સામેની આ લડાઈ ચાલુ રહેશે. દક્ષિણ ગુજરાતની આ પ્રતિષ્ઠિત સહકારી સંસ્થાની સત્તા મેળવવા ભાજપ અને કોંગ્રેસ સામસામે આવી ગયા છે.

# કોડીનાર તાલુકા કો. ઓ. યુનિયન બેંકની ૧૧૩મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

કોડીનાર,તા.૨૭

કોડીનાર તાલુકા કો-ઓપરેટિવ બેન્કિંગ યુનિયન લિ.ની ૧૧૩મી વાર્ષિક સાધારણ સભા બેંક ખાતે ચેરમેન પી.એસ. ડોડીયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેંકના જનરલ મેનેજર વિજયભાઈ બારડે બેંકના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ઉત્કૃષ્ટ પરિણામોની માહિતી આપતાં જણાવ્યું હતું કે બેંકે ચાલુ



વર્ષે રૂ. ૭.૬૧ કરોડનો ચોખ્ખો નફો હાંસલ કર્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે બેંકનું કુલ ધિરાણ રૂ.૪૫૦૦૮.૩૩ લાખ સુધી પહોંચ્યું છે, જે ગત વર્ષની સરખામણીએ રૂ. ૮૮૪૪.૮૫ લાખનો નોંધપાત્ર વધારો દર્શાવે છે. બેંકની થાપણોમાં પણ સતત વધારો નોંધાયો છે. ગત વર્ષે રૂ.૪૪૦૧૬.૪૪ લાખ રહેલી થાપણો ચાલુ વર્ષે વધીને રૂ. ૫૧૨૦૭.૬૨ લાખ સુધી પહોંચી છે, જે બેંક પ્રત્યે લોકોના મજબૂત વિશ્વાસનું પ્રતિબિંબ હોવાનું જણાવાયું હતું. ચેરમેન પી.એસ. ડોડીયાએ જણાવ્યું હતું કે તાલુકાભરના ખેડૂતો, સહકારી મંડળીઓ, ઉદ્યોગકારો, વેપારીઓ અને સભાસદોના અતૂટ વિશ્વાસને કારણે બેંક સતત પ્રગતિના નવા શિખરો સર કરી રહી છે.

# જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ, કોડીનાર ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ

**વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ, યુનિફોર્મ અને પાઠ્યપુસ્તકો આપી પ્રવેશ અપાયો**

કોડીનાર,તા.૨૭

શ્રી સોમનાથ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સલન્સ, કોડીનાર ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.



તસવીર : ધર્મેશ પાઠક

આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં ડાયેટના પ્રાચાર્ય વી.એમ. પંપાણીયા, રુટ લાયઝન અધિકારી સુભાષભાઈ વૈંશ તથા સંસ્થાના સ્થાપક કરસનભાઈ સોલંકી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ધોરણ-૬ માં પ્રવેશ મેળવનાર ૩૦૦ નવા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ, યુનિફોર્મ અને પાઠ્યપુસ્તકો આપીને આવકારવામાં આવ્યા હતા. મહાનુભાવોએ વાલીઓ અને વિદ્યાર્થીઓને શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે ટ્રાફિક નિયમોના પાલનની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી અને અંતમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

